# બે મહાન અવલંબન

## આત્મવિશ્વાસ - ઈશ્વરવિશ્વાસ

— શ્રીરામ શર્મા આચાર્ય

# બે મહાન અવલંબન
# આત્મવિશ્વાસ–ઈશ્વરવિશ્વાસ


લેખક

પં૦ શ્રીરામ શર્મા આચાર્ય



પ્રકાશક

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા.

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન

શાખા અમદાવાદ

ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,

જૂના વાડજ, અમદાવાદ–૩૮૦ ૦૧૩

ફોન ૦૭૯–૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ–૨૦૧૦ ·કિંમત રૂા. ૧૨.૦૦



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**પ્રકાશક :**

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા–૨૮૧૦૦૩

**શ્રદ્ધામાં ચમત્કાર કરવાની શક્તિ છે. જો આપણામાં ઈશ્વર પ્રત્યે અને પોતાના વ્યક્તિત્વ પ્રત્યે શ્રદ્ધા હોય તો આપણે મુશ્કેલીઓના પહાડોને પણ હઠાવી શકીએ છીએ. આવી શ્રદ્ધા જીવનપર્યન્ત, પોતાનું લક્ષ્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી ટકી રહે છે. શ્રદ્ધા ક્યારેય નિષ્ફળ જતી નથી.**

મુદ્રક

યુગ નિર્માણ યોજના પ્રેસ,
ગાયત્રી તપોભૂમિ, મથુરા–૨૮૧૦૦૩

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# મનુષ્ય મહાન છે અને તેનાથી પણ મહાન છે તેનો ભગવાન

સાચું પૂછો તો આ સંસારમાં બે વસ્તુઓ ખૂબ જ અદ્‌ભુત અને મહત્ત્વપૂર્ણ છે. એક આપણો પરમેશ્વર અને બીજા આપણે પોતે. દુનિયામાં આપણા માટે આ બે કરતાં વધારે આશ્ચર્યજનક અને સમર્થ તત્ત્વ બીજું કંઈ હોઈ ન શકે. જો આપણી ક્ષમતા અને મહિમાને સમજી લેવામાં આવે અને તેનો બુદ્ધિપૂર્ણ તથા વ્યવસ્થિત રીતે ઉપયોગ કરવામાં આવે તો તેનું પરિણામ એટલું મોટું આવી શકે  કે સંસારની સાથે આપણે પોતે પણ તેને જોઈને દંગ થઈ જઈએ. માનવી દેખાવમાં જેટલો તુચ્છ અને હલકો જણાય છે, તેટલો વાસ્તવમાં નથી. તેનામાં અનંત સંભાવનાઓ રહેલી છે. મુશ્કેલી એટલી જ છે કે તે પોતાના સ્વરૂપને સમજી શકતો નથી અને જેટલું સમજી શકે છે તેનો સદુપયોગ કરવા માટેની ઘરેડ બદલવાનું જરૂરી મનોબળ અને ભાવનાત્મક સાહસ એકઠું કરી શકતો નથી. જો આ નાનકડી ખામીને સુધારી લેવામાં આવે તો તેના અદ્‌ભુત વિકાસની તમામ સંભાવનાઓ ખૂલી જાય. તેને જે દિશામાં આગળ વધવું હોય તે માર્ગના બધા જ અંતરાયો આપમેળે દૂર થઈ જાય.

દેવતાઓ વિશેની ચર્ચાઓ તો ખૂબ સાંભળવા મળે છે, પરંતુ કોઈએ તેમને જોયા નથી. જો તેમનાં દર્શન કરવાં હોય તો પોતાના પરિષ્કૃત સ્વરૂપમાં પોતાની જાતનું દર્શન કરવું જોઈએ. આ નાનકડા ખોળિયામાં તમામ દેવશક્તિઓ એક જ સ્થળે એકઠી થયેલી મળી શકે છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરમાં ભૂઃ, ભુવઃ, સ્વઃ અર્થાત્  પૃથ્વી, પાતાળ અને સ્વર્ગ ત્રણેય લોક સમાયેલા છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રણે શક્તિઓ તેમાં રહેલી છે. દસે ઈન્દ્રિયોમાં દસ દિક્પાલ વસે છે. મનુષ્યજીવન એક સમુદ્ર છે, જેની આસપાસ શેષનાગ, સુમેરુ પર્વત, દેવ, અસુર અને કશ્યપ ભગવાન લાંબા સમયથી બિરાજમાન છે અને એવી રાહ જોઈ રહ્યા છે કે કોઈ આત્મબળનો સ્વામી તેમનો સદુપયોગ કરે અને આ સમુદ્રમાંથી રત્નો મેળવે. સમુદ્રમંથનની પૌરાણિક કથા તો જૂની થઈ ગઈ. જો જીવનસંઘર્ષ અને જીવનના સદુપયોગની વિધિવ્યવસ્થા તેમ જ પદ્ધતિ સમજી લેવામાં આવે તો આ કથાની પુનરાવૃત્તિ આપણામાંથી કોઈ પણ કરી શકે એમ છે. સમુદ્રમંથનથી તો ચૌદ જ રત્નો નીકળ્યાં હતાં, જ્યારે આપણા માટે સિદ્ધિઓ અને વિભૂતિઓ ૧૪૦૦ ભેટો લઈને આપણી સામે ઉપસ્થિત થઈ શકે છે. ખરેખર આપણે સ્વયં એક આશ્ચર્ય સમાન છીએ, પણ અફસોસ ! આપણે આપણી જાતને સમજી શક્યા હોત અને તેનો શ્રેષ્ઠતમ ઉપયોગ શું થઈ શકે તે જાણતા હોત, તો આપણે આજના જેવી પરિસ્થિતિઓમાં કદી પડ્યા ન રહેત.

આપણી જાત કરતાં પણ મોટું આશ્ચર્ય છે આપણો ભગવાન. તેના આનંદનો ઉદ્દેશ્ય પૂરો કરવા માટે આ આટલું મોટું વિશ્વ બનીને તૈયાર થઈ ગયું છે, જેની વિશાળતાની કલ્પના સુધ્ધાં થઈ શકે તેમ નથી. શરૂઆતમાં તે એકાકી જ હતો. પોતાનો વિસ્તાર જોવાની, પોતાની જાતમાં રમણ કરવાની તેને ઈચ્છા થઈ, તેથી આ ઈચ્છા માત્રએ આટલા મોટા વિશ્વનું સર્જન કરી દીધું. આ તો તેની ઈચ્છાનો ચમત્કાર થયો. તેના સામર્થ્ય અને ક્રિયાનો પરિચય મેળવવાનો હજી બાકી જ  છે. માનવી લાંબા સમયથી પ્રકૃતિનાં રહસ્યો જાણવાનો અને ઈથર, વિદ્યુત, આણ્વિક વગેરે શક્તિઓના ઉપયોગનો મર્મ સમજવાનો પ્રયત્ન કરી રહ્યો છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ પુરુષાર્થથી તેને કંઈક મળ્યું પણ છે. તેનું પરિણામ એટલું જ છે કે એક નાનું છોકરું આ ફુગ્ગો મેળવીને ઊછળકૂદ કરી શકે, પરંતુ પ્રકૃતિનાં જેટલાં રહસ્યો હજી જાણવાનાં બાકી છે, તે જોતાં મળેલી ઉપલબ્ધિઓ પર્વતની સરખામણીમાં ધૂળના કણ જેટલી નહિવત્ છે. ભગવાનની અસંખ્ય રચનાઓમાંની અતિશય તુચ્છ એવી આ ધરતીનો વૈભવ એટલો વિશાળ છે કે માનવીની તૃષ્ણા, ઈચ્છા અને કલ્પના કરતાં અનેકગણો વૈભવ તેમાં ભરેલો છે, તો પછી સમસ્ત બ્રહ્માંડો મળીને બનેલી આ મહાન સૃષ્ટિમાં રહેલી વિભૂતિઓની તો વાત જ શી કરવી ?

આટલા વિશાળ વૈભવથી ભરેલા વિશ્વને એક વિનોદ-ઉલ્લાસની જેમ બનાવનાર અને ચલાવનાર પરમેશ્વર જો સમગ્ર રીતે માનવીની કલ્પનામાં આવી શક્યો હોત તો કેટલું સુખદ હોત, પરંતુ ક્યાં માનવી અને ક્યાં તેની કલ્પના ! તેની તુચ્છતા અને ભગવાનની વિશાળતાનો એકબીજા સાથે કોઈ મેળ બેસતો નથી. તેનું સમગ્ર સ્વરૂપ તો સત-ચિત-આનંદથી, સત્યમ્-શિવમ્-સુંદરમ્થી એટલું બધું ઓતપ્રોત છે કે તેનું એક ટીપું પામીને પણ માનવી ધન્ય થઈ શકે છે.

આપણે સ્વયં મહાન છીએ અને આપણો પરમેશ્વર પણ ખૂબ જ મહાન છે તેમાં કોઈ શંકા નથી. આ બંને ઉપરાંત એક ત્રીજું આશ્ચર્ય બાકી રહી જાય છે અને તે છે આ બંનેના મિલનથી પેદા થતી એવી ધારા કે જેમાં સંતોષ અને શાંતિના, આનંદ અને ઉલ્લાસના, સુખ અને સાધનોના અસીમ તરંગો સતત ઉદ્ભવતા રહે છે. આમ તો જ્યારે પણ આ બંને શ્રેષ્ઠતાઓ મળે છે ત્યારે તેનું પરિણામ સુખદ જ નીવડે છે. ઋણ અને ધન વિદ્યુતધારાઓ મળીને રોમાંચક શક્તિપ્રવાહમાં રૂપાંતરિત થઈ જાય છે અને તેના દ્વારા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનોખાં કામ કરી શકાય છે. સ્ત્રી અને પુરુષનું મિલન હૃદયકમળને ખીલવી દે છે. એટલું જ નહિ, એક નવા પરિવાર, નવા સમાજનું સર્જન શરૂ કરી દે છે. આત્મા અને પરમાત્માનું મિલન કેટલું સુખદ, સક્ષમ અને અદ્‌ભુત હોઈ શકે છે તેની જો આપણે કલ્પના પણ કરી શકતા હોત, તો વાસના તથા તૃષ્ણાની જે ગંદી પરિતૃપ્તિ સમા મૃગજળ પાછળ આપણે ભટકી રહ્યા છીએ તેને છોડીને પોતાની પ્રવૃત્તિઓ તે પરમ મિલનથી પેદા થતી અજસ્ર શાંતિ અને શક્તિની સંભાવના પ્રત્યક્ષ રીતે મળે તે દિશામાં બદલી દેત.

આત્મા અને પરમાત્માની બે પરમ સત્તાઓના પરસ્પર મિલનના પ્રયત્નોને જ 'યોગ' કહે છે. 'યોગ' શબ્દનો અર્થ જ જોડવું એટલે કે મિલન થાય છે. કોને કોની સાથે જોડવું તેનો એક જ જવાબ છે, આત્માનું પરમાત્મા સાથે મિલન. આ પ્રક્રિયા જો સંપન્ન કરી શકાય તો તેનું પરિણામ આ બંને તત્ત્વોની જેમ જ અદ્‌ભુત નીવડી શકે. જો ટીપું સમુદ્ર સાથે ભળી જાય તો તે કંઈ ગુમાવતું નથી, ઊલટું પોતાની વ્યાપકતા વિસ્તારીને પોતે પણ સમુદ્ર બની જાય છે. પાણી દૂધ સાથે ભળીને ગુમાવતું કંઈ નથી, પોતાની કિંમત વધારી દે છે. લોખંડ પારસમણિને સ્પર્શીને કંઈ ખોટમાં થોડું રહે છે ? આ સ્પર્શ તેના સન્માનમાં વધારો જ કરે છે. આત્મા અને પરમાત્માનું મિલન આત્મા માટે ખૂબ જ શ્રેયસ્કર છે તેમાં કોઈ શંકા નથી, પરંતુ તેના યોગદાનથી પરમાત્મા પણ ખૂબ રાજી થાય છે. આ વ્યક્ત વિશ્વમાં તેની અવ્યક્ત સત્તા રહસ્યમય જ બની રહે છે. આ જે કંઈ બની રહ્યું છે તે પડદા પાછળ અવ્યક્ત જ છે. તેને મૂર્તિમંત બનાવવા માટે જ તો આ વિશ્વનું સર્જન થયું છે. જડ પદાર્થોથી તે હેતુ ક્યાં પૂરો થાય છે ? ચેતન પ્રાણીઓ વગર આ ધરતીનો તમામ વૈભવ સૂનો અને અજાણ્યો જ પડી રહે. પદાર્થોની કિંમત ત્યારે જ છે,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ્યારે તેનો ઉપયોગ થઈ શકે અને તે ઉપયોગ ચેતન આત્મા જ કરી શકે છે. આ વિશ્વમાં જે ચૈતન્ય સમાયેલું છે તેનો પ્રતિનિધિ મનુષ્ય છે. તેના સહયોગ વગર પરમાત્માનો આ ઉદ્દેશ્ય પૂરો ન થાત, જેના માટે આ સૃષ્ટિનું સર્જન કરવામાં આવ્યું હતું. પરમેશ્વર એકાકી જ હતા, તેમણે એકમાંથી અનેક થવાની ઈચ્છા કરી. તેઓ અનેકસ્વરૂપ તો અવશ્ય બન્યા, પરંતુ તે બધાં સ્વરૂપ તેને અનુરૂપ, તેના જેવાં ન બને તો તે સર્જનનો ઉદ્દેશ્ય ક્યાંથી પૂરો થાય ? આનંદ તો એકસરખી ઉપલબ્ધિમાં જ આવે છે. વાંદરા અને ભૂંડની જોડી ક્યાંથી જામે ? માણસનું લગ્ન કૂતરા સાથે કેવી રીતે થઈ શકે ? બાળકોની રમત બાળકો સાથે અને વિદ્વાનોની ગોષ્ઠિ વિદ્વાનો સાથે જ જામે છે. કંદોઈ અને પહેલવાનનો સંગાથ ક્યાં સુધી ચાલે ? કસાઈ અને પંડિતની દિશા જુદીજુદી છે. મનુષ્યોમાં પણ જેઓ પરમેશ્વરની ઈચ્છા અને દિશાથી બિલકુલ વિમુખ થઈને ચાલતા હોય એવા ઓછા નથી. અસુરતાને પસંદ તથા વરણ કરનારા લોકોની ક્યાં ખોટ છે ? ખરું પૂછો તો માયાએ સૌની બુદ્ધિને અંધ બનાવીને અજ્ઞાનરૂપી અંધકારમાં ભટકાવી દીધા છે અને તેઓ સુખની શોધ આત્મતત્ત્વમાં કરવાને બદલે એવા જડ પદાર્થોમાં કરે છે કે જ્યાં તે મળવાની કોઈ જ શક્યતા નથી. મૃગતૃષ્ણામાં ભટકવાનો આરોપ બિચારા અણસમજુ હરણ પર જ લગાવવામાં આવે છે. વાસ્તવમાં આપણે બધા સમજદાર કહેવાતા હોવા છતાં અણસમજુની ભૂમિકા બજાવી રહ્યા છીએ અને આત્માનુભૂતિનાં દ્વાર ખોલવાને બદલે જડ પદાર્થોમાં સુખ મેળવવા, રેતીમાંથી તેલ કાઢવા જેવી વિટંબણાઓમાં ફસાઈ ગયા છીએ. આપણું ચૈતન્ય જે હાસ્યાસ્પદ સ્થિતિમાં ફસાઈ ગયું છે તેમાં ન તો તેને સુખ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મળે છે કે ન તો શાંતિ. ઊલટાની શોક-સંતાપથી ભરેલી મુશ્કેલીઓ સામે આવીને ખિન્નતા પેદા કરે છે.

આવી પરિસ્થિતિઓમાં ફસાયા છતાં ઈશ્વરની ઇચ્છિત દિશામાં ચાલનાર અને તેની લીલાના સહચર બનનાર વ્યક્તિઓ મળે છે જ ક્યાં ? આંધળાં ઘેટાંની જેમ આપણે બધા તો શેતાનના વાડામાં ઘૂસી ગયા છીએ. ઈશ્વરીય લીલાનો હેતુ ક્યાં પૂરો થયો ? તેને સાથી-સહચરો ક્યાં મળ્યા ? સૃષ્ટિ બની તો ખરી, જડ અને ચેતન પણ પેદા થયા, પરંતુ ભગવાનની આ લીલામાં આનંદ અને ઉલ્લાસનું ઝરણું નિરંતર વહેવું જોઈતું હતું, તે રૂંધાઈને સુકાઈ જ ગયું. શેતાને ભગવાનનો આખો ખેલ જ બગાડી નાખ્યો. આમ તો આ પણ એક ખેલ છે, પરંતુ જેવો ધારવામાં આવ્યો હતો એવો નથી. આ અંતરાયને દૂર કરી શકવામાં સમર્થ જે આત્માઓ પરમાત્માની વિનોદમંડળીમાં સામેલ થઈ જાય છે તેઓ તેમની પ્રસન્નતાનું કારણ પણ બને છે. જેઓ પોતાને પરમેશ્વરની નજીક લઈ જાય છે, આ વિશ્વને વધુ સુંદર બનાવવાના ઈશ્વરીય ઉદ્દેશ્યના સહયોગી બને છે તેઓ નિ:સંદેહ પરમાત્માને રાજી કરે છે અને તેના આ સંસારની ગરિમાને પ્રખર બનાવે છે. એવા આત્માઓનું મિલન પરમાત્માને પણ પ્રિય અને સંતોષજનક લાગે છે.

ભક્ત ભગવાનને શોધે છે અને ભગવાન ભક્તને શોધે છે. આ તે કેવી સંતાકુકડી છે કે કોઈ કોઈને મળી શકતું નથી ? કહેવાતા ભક્તોની પણ કમી નથી. તેઓ ભગવાનને શોધે તો છે, પણ મળી શકતા નથી. આથી તેમને નથી તો ભગવાનના સ્વરૂપની ખબર કે નથી ઉદ્દેશ્ય કે તેને મેળવવાના માર્ગની ખબર. માણસોને આકર્ષિત કરવા માટે ખુશામતખોરી અને લાંચ જેવી હલકી રીતો લોકોના સ્વભાવમાં વણાઈ ગઈ છે, તેથી તેઓ ભગવાન પર પણ તેનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રયોગ કરે છે. લાંબાલચક શબ્દો બોલીને ભગવાનને એવી રીતે ફોસલાવવાનો પ્રયાસ કરે છે, જાણે તે ઉચ્ચારણને જ સાચું સમજતો હોય અને જાણે તેના અંતરની સ્થિતિની તેને ખબર જ ન હોય. સ્તોત્ર, પાઠ અને કીર્તનોનો ઘોંઘાટ આપણને સંભળાય છે. જો તેના મૂળમાં મિલનની ભાવના પણ રહેલી હોત તો કેટલું સારું, પરંતુ મિલનનો અર્થ જ સમજવામાં આવ્યો નથી. મિલનનો અર્થ છે - સમર્પણ. સમર્પણનો અર્થ છે વિલીન થવું. ટીપું જ્યારે સમુદ્રમાં મળે છે ત્યારે પોતાનું સ્વરૂપ, સ્વભાવ બધું જ અર્પિત કરી દે છે અને સમુદ્રની જેમ હિલોળા લેવા લાગે છે. જો કે સમુદ્ર ખારો છે આથી ટીપું પોતાનામાં પણ ખારાશ ભરી લે છે અને એવું કોઈ ચિહ્ન બાકી રહેવા દેતું નથી કે જેનાથી તેનું અસ્તિત્વ અલગ રીતે ઓળખી શકાય. ઈશ્વર સાથે મિલનનો અર્થ છે પોતાની જાતને ગુણ, કર્મ અને સ્વભાવની દૃષ્ટિએ ઈશ્વર જેવી બનાવી લેવી અને પોતાની આકાંક્ષાઓ તથા પ્રવૃત્તિઓને ઈશ્વરના જેવી જ અથવા તેની ઈચ્છા મુજબની બનાવી લેવી. મિલનનો આટલો વ્યાપક અર્થ જેઓ સમજી શકે તેના જ પ્રયત્નો તેને અનુરૂપ થઈ શકે. જેવી રીતે ચાલાક માણસો અહંકારી અને મૂર્ખ લોકોને પોતાની જાળમાં ફસાવીને પોતાનો સ્વાર્થ સાધી લે છે તેવી જ રીતે જેઓ વસ્તુસ્થિતિ સમજ્યા નથી તેઓ ખુશામતખોરીનો રસ્તો અપનાવીને ઈશ્વરને પોતાની વાક્જાળમાં ફસાવવા માગે છે.

બીજી રીત હલકા માણસોને થોડીક લાલચ કે લાંચ આપીને પોતાના પક્ષમાં કરવાની છે. તેઓ આ હથિયાર દ્વારા જ લોકો પાસેથી પોતાનું કામ કઢાવી લે છે, થોડી લાંચ આપીને ફાયદો ઉઠાવવાની કળા તેમને સારી રીતે આવડે છે. એવી જ રીતે ઈશ્વરને પણ થોડો પ્રસાદ, વસ્ત્ર, છત્ર, મંદિર વગેરેની લાલચ આપીને તેની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાસેથી પોતાની ભૌતિક આકાંક્ષાઓ પૂરી કરાવી લેવાની વાત વિચારતા રહે છે. પોતાની યાચનાઓ તેમના પુરુષાર્થને અનુરૂપ છે કે નહિ, તેને જાળવવાની અને સદુપયોગ કરી શકવાની ક્ષમતા પણ છે કે નહિ, તે નીતિપૂર્ણ અને ન્યાયોચિત છે કે નહિ તે વિશે વિચારવાની કોને નવરાશ છે ? આવા કહેવાતા ભક્તોની બુદ્ધિ એટલું જ વિચારી શકે છે કે ઈશ્વર આપણી કામનાઓ પૂરી કરી દે અને બદલામાં લાંચરૂપે થોડીક ભેટ અને પ્રસાદ આપી દો. તેઓ શબ્દોના આડંબર અને ભેટની લાલચના તુચ્છ આધારો કરતાં ઊંચી વાત વિચારી જ શકતા નથી. પરિણામે તેમણે ખાલી હાથે રહેવું પડે છે. આવા કહેવાતા ભક્તોમાંથી કોઈને પણ ભગવાન મળતા નથી અને તેમનાં બધાં જ કૃત્યો નિષ્ફળ જાય છે.

ભગવાનને પણ ભક્ત મળતા નથી અને ભક્તોને પણ આવી ઉપલબ્ધિથી વંચિત રહેવું પડે છે. માતા બાળકને પોતાના ખોળામાં ત્યારે જ લે છે, જ્યારે તેના મળમૂત્રથી ગંદા થયેલા શરીરની સફાઈ થઈ જાય છે. બાળક ભલે રોતું રહે, પરંતુ જ્યાં સુધી તે ગંદકીથી ખરડાયેલું હોય ત્યાં સુધી તે તેને ખોળામાં લેશે નહિ. ભલે તેને માતાની નિષ્ઠુરતા કહેવામાં આવે, પણ એવી રીતે તો વાત બનશે નહિ. સફાઈ જરૂરી છે. તેના વગર ગાડી આગળ ચાલશે નહિ. માણસે પોતાના દોષદુર્ગુણોની ગંદકી ધોવી જ પડશે. અંતઃકરણને નિર્મળ અને નિશ્છલ બનાવવું જ પડશે. તે સિવાય પ્રભુમિલનનો લાભ ઉઠાવવાના અધિકારી ભક્તોમાં તેની ગણતરી થશે નહિ.

બીજું પગથિયું છે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે પોતાને ઢાળી લેવાનું સાહસ. પતિવ્રતા સ્ત્રી પોતાના સ્વભાવ, આચરણ અને ક્રિયાકલાપને પતિની ઇચ્છાને અનુરૂપ બનાવી દે છે. તેના વગરનું દાંપત્યજીવન કેવું ? મિલનનો આનંદ ક્યાંથી હોય ? સમર્પણના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આધારે જ અદ્વૈતના રૂપમાં જોડાણ થાય છે. ઈશ્વરની ઈચ્છાને પોતાની ઈચ્છા બનાવીને, તેના સંકેતો અને નિર્દેશોને જ પોતાની આકાંક્ષા અને ક્રિયાઓ સાથે જોડી દેવા તેનું જ નામ સમર્પણ છે. મિલનની સાધના તેનાથી જ પૂરી થાય છે. પોતાની ઈચ્છાઓને પૂરી કરવા માટે ઈશ્વરની આગળ કરગરવું અને ખોળો પાથરવો એ તો કંઈ ભક્તિ છે ? લોભ અને મોહની પૂર્તિ માટે હાથ જોડવા એ તો કંઈ પ્રાર્થના છે ? આવા પ્રકારની ભક્તિને તો વેશ્યાવૃત્તિ જ કહેવાય. ભૌતિક સ્વાર્થ માટે કરવામાં આવેલ ક્રિયાને ઈશ્વરના દરબારમાં ભક્તિની સંજ્ઞામાં ગણવામાં આવતી નથી. ત્યાં તો ભક્તની કસોટી એ છે કે કોણે પોતાની કામનાઓ અને વાસનાઓને તિલાંજલિ આપીને ઈશ્વરની ઈચ્છાને જ પોતાની ઈચ્છા બનાવી લીધી છે અને તેની મરજી પ્રમાણે ચાલવા માટે કઠપૂતળીની જેમ કોણ તૈયાર છે ? જેઓ આ કસોટીમાં સાચા સાબિત થાય છે તેઓ જ ભક્ત છે. ભક્ત ભગવાનને પોતાની મરજી પ્રમાણે ચાલવા માટે વિવશ કરતો નથી, પરંતુ તેની ઈચ્છાને પોતાની ઈચ્છા સાથે જોડી દઈને પોતાની વિચારસરણી અને કાર્યપદ્ધતિનું પુનર્નિર્માણ કરે છે. ત્યારે તેની સામે આ વિશ્વને વધુ સુંદર, વધુ સમુન્નત અને વધુ શ્રેષ્ઠ બનાવવાની એક ઈચ્છા જ બાકી રહી જાય છે. પોતાની જાતને શરીર અને પરિવારની તુચ્છતામાં બાંધી દેતો નથી, પરંતુ સૌમાં પોતાના જ આત્માને અને પોતાનામાં સૌના આત્માને સમાયેલો સમજીને લોકમંગલ માટે જ જીવે છે અને વસુધૈવ કુટુંબકમ્‌ને અનુરૂપ આત્મીયતાનો વિસ્તાર વ્યાપક બનાવી લે છે. ત્યારે તેને પોતાનું શરીર ઈશ્વરના દેવમંદિર જેવું જણાય છે અને પોતાની સંપત્તિ ઈશ્વરની પવિત્ર થાપણ જેવી જણાય છે, જેનો ઉપયોગ ઈશ્વરીય ઉદ્દેશ્યો માટે જ કરવામાં આવે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ માન્યતાઓને અંતઃકરણમાં ઊંડી શ્રદ્ધા સાથે સ્થાપિત કરી લેનાર વ્યક્તિ જ સાચો ભક્ત છે. ઈશ્વરદર્શનના રૂપમાં કોઈ અવતાર કે દેવતાની કાલ્પનિક છબી આંખોથી દેખાવાની વાત તેની બુદ્ધિ વિચારતી જ નથી. તે તેને માત્ર દિવાસ્વપ્ન અને નિરર્થક માને છે. તેનું ઈશ્વરદર્શન વધુ વાસ્તવિક અને બુદ્ધિસંગત હોય છે. જેઓ પોતાની વિચારણા અને પ્રક્રિયામાં ઈશ્વરની પ્રેરણાને ચરિતાર્થ થતી જુએ છે, જેમના આત્મામાં ઈશ્વરના માર્ગે ચાલવાનો સાદ સંભળાય છે તેમની સાથે ઈશ્વર બોલે છે, વાત કરે છે, સાથે રહે છે અને પોતાના ખોળામાં બેસાડે છે એમ સમજવું. આવી જ સ્થિતિમાં ભક્તિની સાર્થકતા છે.

## પોતાની મહાનતામાં વિશ્વાસ રાખો

જેમનામાં ઉચ્ચ કક્ષાની આત્મશ્રદ્ધા હતી તેઓ પોતે શરૂ કરેલાં કાર્યો પૂરાં કરવા અંગે અડગ વિશ્વાસ ધરાવતા હતા. એવાં જ સ્ત્રીપુરુષોએ માનવસંસ્કૃતિમાં ચમત્કાર કરી બતાવ્યા છે.

કેટલાય માણસોને જે વસ્તુ ઉપર શ્રદ્ધા હતી, બીજા લોકોએ તેને કાલ્પનિક કે તુચ્છ ગણાવી હતી, પરંતુ તેઓ તે કાર્યને સિદ્ધ કરવામાં, તેને મૂર્તિમંત કરવામાં અપૂર્વ સહનશક્તિનો પરિચય આપતા રહીને સતત વળગી રહ્યા. તેના પરિણામે માનવજાતિને એવાં સાધનો પ્રાપ્ત કરાવી શક્યા કે જેનાથી પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ મદદ મળી. જો આવું ન થયું હોત, તો આજે આપણે અનેક સદીઓ જૂની વ્યવસ્થામાં જ પડી રહ્યા હોત.

એવો કોઈ નિયમ નથી કે તમે સફળતાની આશા વગર, અભિલાષા રાખ્યા વગર, તેના માટે દૃઢ પ્રયત્નો કર્યા વગર જ સફળતા મેળવી શકો. દરેક ઊંચી સફળતા માટે પહેલાં દૃઢ આત્મશ્રદ્ધા હોવી જરૂરી છે. તે સિવાય સફળતા ક્યારેય મળી શકતી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નથી. ભગવાનના આ નિયમબદ્ધ અને શ્રેષ્ઠ વ્યવસ્થાયુક્ત જગતમાં નસીબ માટે કોઈ સ્થાન નથી. દરેક કાર્ય માટે સામાન્ય નહિ, પરંતુ પૂર્ણ કારણ હોવું જોઈએ, પરિણામ જેટલું મોટું હોય તેની સરખામણીમાં કારણ પણ મોટું હોવું જરૂરી છે. નદીનું પાણી કદી તેના મૂળ  સ્થાન કરતું ઊંચું ચઢી શકતું નથી. મહાન સફળતા પ્રાપ્ત કરવી હોય તો મહાન આત્મશ્રદ્ધા પણ રાખવી જોઈએ અને એવી જ રીતે સાચી લગનીથી કાર્ય કરવું જોઈએ. તમારી શક્તિ ભલે ગમે તેટલી મોટી હોય, તો પણ તમારા કાર્યમાં એટલી જ સિદ્ધિ પ્રાપ્ત કરી શકશો કે જેટલી તમારી આત્મશ્રદ્ધા હશે. જે મનુષ્ય કાર્ય સિદ્ધ કરવામાં શ્રદ્ધા ધરાવે છે તે જ કાર્ય પૂરું કરી શકે છે અને જેમનામાં એવો વિશ્વાસ હોતો નથી તેઓ કાર્ય સિદ્ધ કરી શકતા નથી. આ એક પાક્કો અને નિર્વિવાદ નિયમ છે.

તમારા વિષયમાં, તમારી યોજનાઓના વિષયમાં, તમારા ઉદ્દેશ્યોના વિષયમાં બીજા લોકો જે કંઈ વિચારે છે તેની પર વધારે ધ્યાન આપવાની જરૂર નથી. તેઓ જો તમને કલ્પનાઓ પાછળ દોડનારા, પાગલ અથવા તો સ્વપ્ન જોનારા કહે તો તેની પરવા ન કરો. તમે તમારા વ્યક્તિત્વ પર શ્રદ્ધા ટકાવી રાખો. જો તમે આત્મશ્રદ્ધા ગુમાવી દેશો તો તમારે હાર માનવી પડશે.

કોઈના કહેવાથી કે કોઈ આફત આવવાથી તમારો આત્મવિશ્વાસ ડગમગવા ન દો. કદાચ તમે તમારી સંપત્તિ, તમારું સ્વાસ્થ્ય, તમારો યશ અને બીજા લોકો તરફથી સન્માન ગુમાવી દો, પરંતુ જ્યાં સુધી તમે તમારી ઉપરની શ્રદ્ધા જાળવી રાખશો ત્યાં સુધી તમારા માટે આશા છે. જો આત્મશ્રદ્ધા ટકાવી રાખશો અને આગળ વધતા જશો તો આ સંસાર વહેલોમોડો તમને માર્ગ આપશે જ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એકવાર એક સૈનિક નેપોલિયન પાસે એટલી ઉતાવળથી એક સંદેશો લઈને આવ્યો કે તેણે પત્ર આપ્યો તે પહેલાં તેનો ઘોડો મરી ગયો. નેપોલિયને તરત જ તે પત્રનો જવાબ લખાવ્યો અને સૈનિકને કહ્યું કે હવે મારા ઘોડા પર બેસીને બને તેટલો જલદી આ જવાબ તારા અધિકારી સુધી પહોંચાડી દે.

તે સૈનિકે તેના કરતાં સુંદર સાજસજાવટ ધરાવતા તે દર્શનીય ઘોડા તરફ જોયું અને કહ્યું, "સેનાપતિ સાહેબ ! એક સાધારણ સૈનિકને આવો ભવ્ય અને સુશોભિત ઘોડો શોભે નહિ."

નેપોલિયને કહ્યું, "એક ફ્રેન્ચ સૈનિકને ગમે તેટલી શ્રેષ્ઠ અને ભવ્ય વસ્તુનો ઉપયોગ કરવાનો અધિકાર છે."

આ ગરીબ ફ્રેન્ચ સૈનિકની જેમ દુનિયાના મોટા ભાગના લોકો એવું માનતા રહ્યા છે કે ભાગ્યદેવતાના લાડકા પુત્રોને દર્શનીય અને ઉત્તમ પદાર્થો મળ્યા છે તેના અમે અધિકારી નથી. પોતાના વ્યક્તિત્વને નાનું સમજવાની કે પોતાને હીન સમજવાની આ મનોવૃત્તિ તેને એવો નિર્બળ બનાવે છે કે તેનાથી તેઓ પોતાના વ્યક્તિત્વ પર પૂરો વિશ્વાસ રાખતા નથી, તેની પાસેથી પૂરી આશા કે અપેક્ષા રાખતા નથી.

જો તમે એક ઠીંગુજીનો જ અભિનય કરતા રહેશો તો તમે ક્યારેય ભીમસેન નહિ બની શકો. પ્રકૃતિનો કોઈ નિયમ એવો નથી કે જેના આધારે ઠીંગણાપણાનો વિચાર કરતા રહેવા છતાં ભીમસેન પેદા થઈ શકે. જેવો આદર્શ હોય છે તેવી જ પ્રતિમા પણ બને છે. મનમાં જેવા બનવાનો વિચાર હોય છે તે જ મનુષ્યનો આદર્શ હોય છે.

ઘણા લોકોને શરૂઆતમાં એવું શીખવવામાં આવ્યું છે કે સંસારની ઉત્તમોત્તમ વસ્તુઓ તેમના માટે પેદા કરવામાં આવી નથી. આથી તે લોકોના મનમાં બાળપણથી જ એ વાત ઠસી ગઈ છે કે તેઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હલકા દરજ્જાના છે. તેનું પરિણામ એ આવે છે કે જેઓ મોટાં કામ કરી શકવાની શક્તિ ધરાવે છે તેવાં અનેક સ્ત્રીપુરુષો નાનાં નાનાં સાધારણ કામોમાં જીવન વિતાવી દે છે. તેઓ પોતાના વ્યક્તિત્વ પાસેથી ન તો પૂરી આશા રાખે છે કે ન તો હૃદયથી એટલો ઉદ્યમ કરે છે. હીન ભાવનાના પરિણામે શક્તિ હોવા છતાં પણ તેમનું વ્યક્તિત્વ ગુંગળાઈ જાય છે.

આપણે આપણા મહાન જન્મસિદ્ધ અધિકારોને સારી રીતે સમજી શકતા નથી અને આપણે કેટલી પ્રગતિ કરવા માટે પેદા થયા છીએ, કેટલે અંશે આપણે આપણા સ્વામી બની શકીએ છીએ તે પણ જાણતા નથી. જો આપણે ઈચ્છીએ તો આપણા ભાગ્ય પર પૂરો કાબૂ પ્રાપ્ત કરી શકીએ છીએ. જે કાર્ય બીજા લોકો માટે શક્ય છે તે આપણે પણ કરી શકીએ છીએ. આપણે જેવા બનવા માગીએ તેવા બની શકીએ છીએ, એ વાત પણ હજી આપણી સમજમાં આવી નથી.

પ્રસિદ્ધ વિદુષી મેરી કરેલીએ લખ્યું છે, “જો તમે માટીના ઢેફા કરતાં વધારે ઉચ્ચ બનવાની ઈચ્છા ધરાવતા ન હો તો તમે ખરેખર માટીનું ઢેફું જ બની જશો અને વધારે વીર તથા યોગ્ય લોકો તમારી ઉપર થઈને આગળ નીકળી જશે.”

જો તમે એવો જ વિચાર કર્યા કરશો કે તમે બીજાઓ જેવા શ્રેષ્ઠ નથી, પરંતુ નિર્બળ અને સત્ત્વહીન પ્રાણી છો, તો તમારું જીવનસ્તર વાસ્તવમાં નિમ્ન બની જશે અને તમારી શક્તિઓ કુંઠિત થઈ જશે.

આપણે જે કામ કરવા માગીએ છીએ તેને શ્રદ્ધાપૂર્વક શરૂ કરવાથી, શ્રેષ્ઠ રીતે કરતા રહેવાથી ચોક્કસ સફળતા મળશે. જો તમે મહાન કાર્ય કરવાની આકાંક્ષા ધરાવતા હો તો તમારે વિશાળ કાર્યક્રમ નક્કી કરવો પડશે અને તે પ્રમાણે ઉત્તમ કાર્યો કરવાં પડશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જે માણસ પોતાના વ્યક્તિત્વની વધારે અને યોગ્ય કિંમત આંકે છે અને પોતાની સફળતા વિશે વિશ્વાસ ધરાવે છે તેનામાં કોઈક એવું તત્ત્વ હોય છે કે આક્રમણ કરતાં પહેલાં જ તે અડધી લડાઈ જીતી લે છે. પોતાની જાતને નિમ્ન અને સાધારણ સમજતા લોકોની સામે મોટેભાગે જે મુશ્કેલીઓ આવે છે તેવી મુશ્કેલીઓ આવા માણસના માર્ગમાંથી દૂર થઈ જાય છે.

આપણે ઘણીવાર એવી વ્યક્તિઓ વિશે સાંભળતા હોઈએ છીએ કે "આ માણસ જે કાર્ય હાથમાં લે છે તેને પૂરું કરીને જ જંપે છે. તે જે વસ્તુને સ્પર્શ કરે છે તે સોનું બની જાય છે." આવા માણસો પોતાના ચારિત્ર્યબળ અને બુદ્ધિમત્તા દ્વારા અત્યંત વિપરીત સંજોગોમાં પણ સફળતા મેળવી લે છે. શ્રદ્ધા જ શ્રદ્ધાને પેદા કરે છે અને બળ પૂરું પાડે છે.

જે માણસ વિજય મેળવનારો હોય છે તે ચારેબાજુ વિશ્વાસનો પ્રસાર કરે છે અને જે કામ હાથ પર લીધું હોય તેને પૂર્ણ કરવાની તેનામાં શક્તિ છે, એવી શ્રદ્ધા બીજા લોકોમાં પણ પેદા કરી દે છે. જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ તેની પોતાની વિચાર- શક્તિની જ નહિ, તેનો પરિચય ધરાવતા લોકોની વિચાર- શક્તિની પણ મદદ મળે છે. તેના મિત્રો તથા પરિચિત વ્યક્તિઓ વારંવાર 'તે સફળતા પ્રાપ્ત કરવામાં સમર્થ છે' એવું કહીને તેને વિજયી બનાવવામાં મદદરૂપ થાય છે. તેને જેમજેમ સફળતા મળતી જાય છે, તેમતેમ તેનામાં ગંભીરતા, વિશ્વાસ, શ્રદ્ધા તથા શક્તિ વધતાં જાય છે. અમેરિકાના પ્રાચીન રેડઈન્ડિયન જાતિના લોકો એવું સમજતા હતા કે તેઓ જેટલા શત્રુઓ ઉપર વિજય મેળવે તેટલી જ તેમની શક્તિ જીતનારને મળતી હોય છે. એવી જ રીતે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાસ્તવમાં યુદ્ધ, ઉદ્યોગ, વેપાર, સંશોધન, વિજ્ઞાન કે કળામાં પ્રાપ્ત થનારો દરેક વિજય વિજેતાની શક્તિને વધારે છે.

જે કાર્ય સિદ્ધ કરવાની તમારી ઈચ્છા હોય તેને તેટલી જ દઢતા, નિશ્ચય અને મજબૂત સંકલ્પ સાથે હાથમાં લો કે જ્યાં સુધી તે પૂરું ન થાય ત્યાં સુધી કોઈ તેને તમારા હાથમાંથી છીનવી ન શકે.

શ્રદ્ધા જ તમારી માનસિક સેનાનો નેપોલિયન છે. તે બીજી શક્તિઓને બેત્રણગણી બળવાન બનાવી દે છે. જ્યાં સુધી શ્રદ્ધાનું નેતૃત્વ હોય છે ત્યાં સુધી સમસ્ત માનસિક સેના અડગ ઊભી રહે છે. ખૂબ જ દોડી શકતો ઘોડો પણ એકવાર આત્મશ્રદ્ધા ગુમાવી દીધા પછી ઈનામ જીતી શકતો નથી. આત્મશ્રદ્ધામાંથી પેદા થતી હિંમત આપણી અંદર સંચિત બળના અંતિમ અંશને પણ બહાર ખેંચી લાવે છે.

અનેક વ્યક્તિઓ નિષ્ફળ નીવડે છે તેનું કારણ એ છે કે તેઓ વિજય માટે દરેક પ્રકારનો ત્યાગ કરવાનો નિશ્ચય કરીને કાર્યનો આરંભ કરતી નથી. ક્યારેય પાછું વળીને ન જોનાર જેવી આત્મશ્રદ્ધા તેનામાં હોતી નથી. કોઈ કાર્યને સામાન્ય ભાવનાથી કરતા રહેવું અને તેમાં પોતાની સમગ્ર શક્તિનો ઉપયોગ કરવો, પોતાની સમગ્ર કર્તવ્યશક્તિને તેમાં હોમી દેવી એ બંને વચ્ચે ઘણો ફરક હોય છે. સામાન્ય કાર્ય અને મહાન ઉદ્દેશ્યવાળા કાર્યમાં આ જ ફરક છે.

પોતાના વ્યક્તિત્વ વિશે તમે પોતે જે વિચારો ધરાવો છો તેનાથી જ તમારી શક્તિઓની સાચી ખબર પડે છે. જો તમારી બુદ્ધિ વિશાળ નહિ હોય, જો તમારામાં સાહસ કરવાનો ગુણ નહિ હોય, દઢ આત્મશ્રદ્ધા નહિ હોય, તો તમે ક્યારેય મહત્ત્વપૂર્ણ કાર્યો કરી શકશો નહિ. મહત્ત્વાકાંક્ષાનો અર્થ મનુષ્યના ઉચ્ચ આદર્શો અને ઉન્નત ઉદ્દેશ્યો થાય છે. તેના દ્વારા કાર્ય સિદ્ધ કરનારી શક્તિનો જન્મ થાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કોઈ પણ કાર્યનું અસ્તિત્વ પહેલાં વિચારના રૂપમાં જ હોય છે. તેના વગર તે ક્યારેય પ્રત્યક્ષ થઈ શકતું નથી. આથી આપણે જે પણ કાર્ય કરવા માગતા હોઈએ તેના માટે દૃઢ વિચાર કરવો એ જ મુખ્ય અને પ્રારંભિક પગથિયું છે. મંદ રીતે પેદા થતો વિચાર મંદ પરિણામ જ પેદા કરે છે. વિચાર તો મજબૂત જ હોવો જોઈએ, નહિતર જેવી ઇચ્છીએ તેવી કાર્યસિદ્ધિ મળશે નહિ.

સંસારનાં તમામ મહાન કાર્યોનું મૂળ એક એવી મજબૂત ઇચ્છા અને કલ્પનામાં રહેલું છે કે જે નિરાશા અને નિરુત્સાહની પરિસ્થિતિઓ પેદા થવા છતાં પણ ટકી રહે છે અને તેના માટે માણસ બલિદાન આપવા માટે પણ તૈયાર રહે છે. આથી જ કહેવામાં આવ્યું છે કે "તમારી શ્રદ્ધાને અનુરૂપ જ તમને સફળતા પ્રાપ્ત થશે." આપણે જીવનમાં કેટલો લાભ મેળવી શકીશું તેની ખબર આપણી શ્રદ્ધા પરથી પડે છે. થોડી શ્રદ્ધાવાળા મનુષ્યને થોડું મળે છે અને વધારે શ્રદ્ધાવાળા મનુષ્યને વધારે મળે છે.

જો આપણે સ્વાવલંબી માણસોની સફળતાઓ વિશે તપાસ કરીશું તો આપણને ખબર પડશે કે તેમણે જ્યારે કોઈ વિષયમાં પ્રયત્ન શરૂ કર્યો હતો ત્યારે તેઓ પોતાની જાતને ઊંચી ઉઠાવતા રહીને કામમાં દૃઢ અને અચળ શ્રદ્ધા ધરાવતા હતા. પોતાના ધ્યેય સાથે તેમનું મન એટલું મજબૂત રીતે જોડાયેલું હતું કે પોતાના વ્યક્તિત્વ અને શક્તિમાં ઓછો વિશ્વાસ ધરાવતા લોકોના માર્ગમાં જે અવરોધો આવે છે તે તેમની સામેથી પહેલેથી જ દૂર થઈ ગયા હતા, સંસારે તેમના માટે રસ્તો કરી આપ્યો હતો. ભાગ્યની દેવી તેમના પર જાણે પરમ પ્રસન્ન હતી. એવી જ રીતે તેમણે જે પણ વ્યવસાયમાં હાથ અજમાવ્યો તેમાં અસાધારણ સફળતા મળી હતી. આપણે તેમના વિશે જાતજાતનાં અનુમાનો કરતા રહીએ છીએ,


Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરંતુ વાસ્તવમાં તેમને જે સફળતા મળી તેનું કારણ એ જ હતું કે તેઓ પોતાની આશા વિશે સતત સર્જનાત્મક અને નિશ્ચયાત્મક વિચારો કરતા રહેતા હતા.

આપણે સફળતા અવશ્ય પ્રાપ્ત કરી શકીશું એવું આપણે માનવું જોઈએ. એટલું જ નહિ, તેની પર પૂર્ણ અંતઃકરણથી વિશ્વાસ રાખવો જોઈએ. શિથિલ મહત્ત્વાકાંક્ષા અને ઢીલા પ્રયત્નોથી ક્યારેય કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. આપણી શ્રદ્ધામાં, આપણા નિર્ણયમાં, આપણા પ્રયત્નમાં બળ હોવું જોઈએ. આપણે કાર્ય સિદ્ધ કરનારી શક્તિ સાથે જ કોઈ વિષયમાં નિર્ણય કરવો જોઈએ.

જેવી રીતે ખૂબ વધારે ગરમી આપવાથી લોખંડ ઓગળે છે, જેવી રીતે વિદ્યુતની એકાગ્ર શક્તિ સૌથી વધારે મજબૂત એવા હીરાને પણ ઘસી નાખે છે એવી જ રીતે એકાગ્ર લક્ષ્ય અને દૃઢ ઉદ્દેશ્ય સફળતા પ્રાપ્ત કરાવે છે. અધૂરા મનથી કરવામાં આવેલું કાર્ય સિદ્ધ  થઈ શકતું નથી.

જે કદી પાછળની બાજુએ જોતો નથી, પરાજયનો વિચાર પણ કરતો નથી અને લક્ષ્યસિદ્ધિ માટે સર્વસ્વ અર્પણ કરવા માટે તૈયાર રહે છે તે જ માણસ દૃઢ નિશ્ચય કરી શકે છે. એક વ્યક્તિ જ્યારે આત્મશ્રદ્ધા ગુમાવી બેસે છે, હથિયાર હેઠાં નાખી દે છે ત્યારે તેનો ઉપાય એ જ છે કે તેની ખોવાયેલી આત્મશ્રદ્ધા ફરીથી પાછી મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે સમયે એવો વિચાર ન કરો કે "મારું નસીબ જ મને આમતેમ ભટકાવી રહ્યું છે અને આ રહસ્યમય ભાગ્યની સામે મારું કંઈ ચાલી શકે તેમ નથી." આવા વિચારોને મનમાંથી કાઢી નાખવાનો પ્રયાસ કરવો જોઈએ. ગમે તેવા ભાગ્ય કરતાં માનવી મોટો છે અને બહારની કોઈ પણ શક્તિ કરતાં વધારે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રચંડ શક્તિ તેની અંદર રહેલી છે. આ વાતને જ્યાં સુધી તે સમજી નહિ લે ત્યાં સુધી તેનું કદી કલ્યાણ નહિ થઈ શકે.

ઘણા લોકોનું જીવન અત્યંત સંકુચિત અને દરિદ્ર હોય છે, તેનું કારણ એ જ છે કે તેમનામાં આત્મશ્રદ્ધા અને કાર્ય કરવાની શ્રદ્ધા હોતી નથી. ઘણાખરા લોકો એવી રીતનાં ફૂંકીફૂંકીને પગલાં ભરે છે અને કોઈ પણ જાતનું સાહસ કરતાં એટલા બધા ડરે છે કે તેમનું આગળ વધી શકવું મુશ્કેલ હોય છે. આત્મશ્રદ્ધા અને ઈશ્વરશ્રદ્ધા માણસના બે મહાન શક્તિસ્રોત છે.

આત્મશ્રદ્ધાનો અર્થ અહંકાર નહિ, પરંતુ જ્ઞાન સમજવો જોઈએ. શરૂ કરેલા કામને પૂરું કરવાની શક્તિ આપણામાં રહેલી છે એવી ખાતરી થવાથી આ જ્ઞાન પેદા થાય છે. આપણી તમામ ઉન્નતિ અને સંસ્કૃતિ આ આત્મશ્રદ્ધા પર જ ટકેલી છે. આનાથી ઊલટું, જે લોકોના મનમાં સદાય શંકા રહેતી હોય છે અને જેઓ લાભ-નુકસાનની જ ગણતરી કરવામાં લાગેલા રહે છે તેમનામાં આગળ વધવાની શક્તિ હોતી નથી. જો તેઓ ક્યારેક કાર્યની શરૂઆત કરે છે તો પણ ઢીલાઢીલા ચાલે છે. તેમના કાર્યમાં કોઈ બળ હોતું નથી, તેમના પ્રયત્નોમાં નિશ્ચયનો ભાવ જોવા મળતો નથી.

કાર્ય સિદ્ધ કરવાની ઈચ્છા ધરાવનાર માણસે પ્રચંડ બળથી કાર્ય શરૂ કરવું જોઈએ અને સદાય સામે આવતાં વિઘ્નોને હઠાવવાની શક્તિ રાખવી જોઈએ. ડગમગતા, શંકાશીલ અને અસ્થિર મનથી આ ઉદ્દેશ્ય સિદ્ધ થઈ ન શકે. જે કાર્ય બીજા લોકોને અશક્ય લાગે છે તેને એવા દૃઢ નિશ્ચયવાળી વ્યક્તિઓ કરી શકવાનો પૂર્ણ વિશ્વાસ ધરાવે છે. આ ઉપરથી જ જણાય છે કે તેનામાં કોઈ એવી શક્તિ છે કે જે તેના શરૂ કરેલા કાર્યને સિદ્ધ કરવાનું બળ પ્રદાન કરે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શ્રદ્ધા જ માણસને અનંત સાથે જોડી દે છે અને જ્યારે માણસ પરમાત્માની એટલો બધો નજીક પહોંચી જાય છે કે તેને સદાય તેની ઉપસ્થિતિ હોવાનો અનુભવ થયા કરે છે ત્યારે તે જરૂર પડ્યે અસામાન્ય શક્તિ બતાવી શકે છે. આત્મશ્રદ્ધા અને ઈશ્વરશ્રદ્ધાથી મનુષ્યની શક્તિમાં જેટલો વધારો થાય છે તેટલો બીજી કોઈ વસ્તુથી થતો નથી. આત્મશ્રદ્ધાથી એક જ કામ જાણનારો સફળતા પ્રાપ્ત કરી લે છે, જ્યારે તેના વગર દસ કામ જાણનારો પણ નિષ્ફળ સાબિત થાય છે.

શ્રદ્ધામાં ચમત્કાર કરવાની શક્તિ છે. ધર્મશાસ્ત્રોમાં ચમત્કારી વ્યક્તિઓની જે ઘટનાઓ જણાવેલી છે તેનું રહસ્ય આત્મશ્રદ્ધામાં જ સમાયેલું છે. મનુષ્યની આત્મશ્રદ્ધા પ્રગટ કરે છે કે તે વ્યક્તિની અંદર એક એવી શક્તિ રહેલી છે, જે કાં તો રસ્તામાં આવતી અડચણોને દૂર કરી દેશે કે પછી તેમને સાવ નગણ્ય બનાવી દેશે કે જેથી તે આપણું કંઈ પણ બગાડી ન શકે.

શ્રદ્ધા દરવાજો ખોલી દે છે. તે આપણને આત્માની અનંત શક્તિઓને જોવા માટે શક્તિમાન બનાવે છે. તે આત્માના એવા અજેય બળને પ્રગટ કરે છે કે તેનાથી આપણને આપણી આંતરિક શક્તિમાં સ્પષ્ટ રીતે વધારો થતો જણાય છે. કારણ એ છે કે તે સ્થિતિમાં આપણે સર્વશક્તિમાન પ્રભુને સ્પર્શ કરતા રહીએ છીએ, બધા જ પદાર્થોનું જે મૂળ કારણ છે તેની ઝાંખી આપણને સતત થતી રહે છે.

શ્રદ્ધા એક એવી વસ્તુ છે કે તે અનુમાન નથી કરતી, પરંતુ નિશ્ચય કરી લે છે. જે વસ્તુને આપણી સ્થૂળ પ્રકૃતિ જાણી શકતી નથી, તેને જાણવાનું સામર્થ્ય શ્રદ્ધા જ પૂરું પાડે છે. તે આપણી અંદર રહેતા એક ઋષિ કે સંદેશવાહક જેવી છે. તે આજીવન સાથે રહીને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપણને માર્ગદર્શન આપે છે. તે માણસને હિંમત હારતો અને પ્રયત્નથી વિમુખ થતો અટકાવીને તેની અંતઃશક્તિનું દર્શન કરાવે છે.

જો આપણામાં ઈશ્વર પ્રત્યે અને આપણા વ્યક્તિત્વ પ્રત્યે શ્રદ્ધા હોય તો આપણે મુશ્કેલીઓના પહાડોને હઠાવી શકીએ છીએ. એવી શ્રદ્ધા જીવનભર, આપણું લક્ષ્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી જળવાઈ રહે છે. જો આપણામાં ભરપૂર શ્રદ્ધા હોય તો આપણે અનેક કલેશોને દૂર કરી શકીએ છીએ અને અનેક વિશેષ કામો પૂરાં કરી શકીએ છીએ.

શ્રદ્ધા ક્યારેય નિષ્ફળ જતી નથી. તે ચમત્કાર કરી બતાવે છે. તે બધી સીમાઓની આરપાર જોઈ શકે છે, દરેક પ્રકારની સંકુચિતતાઓને ઓળંગી શકે છે, તમામ વિઘ્નોને દૂર કરીને લક્ષ્યને પામી શકે છે.

શંકા અને ભય, ભીરુતા અને કાયરતા આપણને નિમ્ન અને સાધારણ સ્થિતિમાં રાખે છે. આપણે ઊંચા સ્તરનું કામ કરવાની શક્તિ ધરાવીએ છીએ, છતાં પણ આપણે આ શંકા વગેરે દોષોના કારણે તુચ્છ કાર્યો કરતા રહીએ છીએ.

જો આપણી અંદર યોગ્ય પ્રમાણમાં શ્રદ્ધા હોય તો આપણે અત્યારે ઈશ્વર તરફ જેટલી ગતિ કરી રહ્યા છીએ તેનાથી વધારે ગતિથી તેમની તરફ જઈ શકીએ છીએ. આગળ જતાં અવશ્ય એવો સમય આવશે કે જ્યારે દરેક માણસમાં અપાર શ્રદ્ધાનું અસ્તિત્વ હશે અને તે વિજયી જીવન વિતાવતો હશે. તે સમયે જગતમાં હીનતા અને નિષ્ફળતા રહેશે નહિ અને જીવનની સમસ્ત અશાંતિ દૂર થઈ જશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# આંતરિક શક્તિની સમસ્યા અને તેનું સમાધાન

એક માણસ પાસે પૂરતાં સાધનો, સંપત્તિ, જીવનનિર્વાહની વસ્તુઓ છે, છતાં પણ તે અશાંત અને દુઃખી જણાય છે. બીજો ઉચ્ચ શિક્ષિત અને ઊંચા પદ પર હોવા છતાં પણ ભૂલો પડેલો જણાય છે. વેપારી, વિદ્વાન, નેતા, પંડિત તથા ઉચ્ચ પદ પર બેઠેલા લોકો આવા જ કોઈ પ્રશ્નના સમાધાન માટે દુઃખી જોવા મળે છે. મોટાભાગના લોકોની એક જ ફરિયાદ હોય છે - સંઘર્ષ, અશાંતિ, કલેશ અને દુઃખ. નીચેથી લઈને ઉપર સુધી મોટા ભાગની વ્યક્તિઓ આ જ પ્રશ્નના કારણે દુઃખી છે અને જાતજાતના પ્રશ્નો પૂછે છે, છતાં તેનું નિરાકરણ મળતું નથી.

વાસ્તવમાં જીવનના આ પ્રશ્નનું નિરાકરણ બહારની સફળતાઓમાં કે સંસારમાં નથી. તેનું સમાધાન માણસની પોતાની અંદર છે. અને તે છે- જીવનવ્યવહારમાં હૃદયને મહત્ત્વ આપવું. આપણામાં બુદ્ધિ વધી છે, પરંતુ હૃદય હજુ સુધી જડ જ રહ્યું છે. બુદ્ધિના જોરે વેપાર, શિક્ષણ, પંડિતાઈ, વિદ્વત્તા, ઉચ્ચ પદ તથા જીવનની બીજી દરેક જાતની સફળતાઓ મળી જાય છે, પરંતુ હૃદયની વિશાળતાના અભાવે આ સફળતાઓના મોટામોટા મહેલો સુમસામ અંધારામાં રહેલા ભવન અને કિલ્લાઓ જેવા જ ભયાનક અને ડરામણા લાગે છે. હૃદયની જીવનશક્તિના અભાવમાં મનુષ્યની તમામ સમૃદ્ધિ, વિદ્વતા, મોટાઈ તથા ઉચ્ચ પદની ભયાનક ભૂતાવળ તેને જ ખાવા લાગે છે.

એકવાર મહાત્મા બુદ્ધને પણ આવી જ સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. તેઓ રાજકુમાર હતા અને તેમની પાસે સર્વસ્વ હતું, છતાં બુદ્ધને એ બધું અટપટું લાગતું હતું. બુદ્ધને આ સમૃદ્ધિ અને રાજમહેલમાં આત્મિક શાંતિ અને આનંદનું સમાધાન ન મળ્યું. તેઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બધા અલંકારો છોડીને નીચે ઊતર્યા, પોતાની આ દીવાલ તોડીને બુદ્ધ વ્યાપક બન્યા, લોકોના મન સાથે એકતા પ્રાપ્ત કરી અને તેઓ રાજમહેલના રાજકુમાર ન રહેતાં અસીમની સાથે, માનવતા સાથે એકાકાર થયા, ત્યારે જ તેમને જીવનના આ પ્રશ્નનું નિરાકરણ મળ્યું.

ભગવાન રામે પણ આ જ માર્ગ પસંદ કર્યો. સમૃદ્ધ તથા સુસંપન્ન અયોધ્યાનગરી છોડીને રામ વલ્કલ ધારણ કરી અનંત માર્ગના પથિક બન્યા અને જંગલમાં કૃત્રિમતાથી દૂર પ્રકૃતિની વિશાળ ગોદમાં પશુપક્ષી, વનસ્પતિ, નદી, ઝરણાં, પહાડો વગેરે સાથે પોતાના હૃદયને જોડ્યું. શબરી, ગીધ તથા કેવટના હૃદય સાથે હૃદય જોડનાર દશરથપુત્ર રામ જન-માનસના રામ બની ગયા.

મહાત્મા ગાંધીએ ઉચ્ચ શિક્ષણનું અભિમાન છોડ્યું,જનતા-જનાર્દનની વચ્ચે ગયા, એવાં જ કપડાં પહેર્યાં, એવું જ ભોજન લીધું. પોતાના જીવનને પોતાની વિદ્વત્તાનો આધાર ન બનાવતાં, દુઃખી માનવતાના કલ્યાણ અને પ્રગતિનો આધાર બનાવ્યું.

એવી જ રીતે સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ, દયાનંદ, રામતીર્થ, લોકમાન્ય તિલક, મદનમોહન માલવિયાજી વગેરેએ પોતાની સમૃદ્ધિ, વિદ્વત્તા, પંડિતાઈ, ઉચ્ચ પદ વગેરેથી નીચે ઊતરીને લોકોના હૃદય સાથે પોતાનું હૃદય જોડ્યું. માનવતાનાં કષ્ટ તથા દુઃખોને પોતાનાં કષ્ટ તથા દુઃખો માન્યા, જનતા-જનાર્દનની પીડા સમજ્યા અને તેના માટે પોતાનું જીવન ખર્ચી નાખ્યું. દુઃખી અને પીડિત માનવતા માટે, જનતાજનાર્દન માટે તેમણે એક લોકસંગ્રહી માણસ કરતાં પણ વધારે શ્રમ કર્યો, દુઃખો વેઠ્યાં, તકલીફો ઉઠાવી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમૃદ્ધિ, રૂપ, પાંડિત્ય, વિદ્વત્તા, પદ વગેરેનું અભિમાન જ એવી દીવાલ છે, જેણે આપણને જીવનના વાસ્તવિક સ્વરૂપથી દૂર કરી દીધા છે. અભિમાન, અહંકાર ભલે તે ગમે તે ગુણ, રૂપ કે વસ્તુનો કેમ ન હોય, મનુષ્યના સાચા સુખ અને આત્મિક આનંદને તેનાથી દૂર રાખે છે. જેનાં દિલ અને દિમાગ આ દંભથી બંધાયેલાં હોય તેઓ કેવી રીતે સંતુષ્ટ રહી શકે ?

જ્યારે ધનવાનો પોતાના ધનનું, દાનવૃત્તિનું અભિમાન છોડીને દરિદ્રતા સાથે પોતાનું હૃદય જોડી દેશે, શિક્ષણશાસ્ત્રીઓ અને પંડિતો જ્યારે લોકોની હરોળમાં આવીને બેસી જશે, ઉચ્ચ પદ ધરાવતા લોકો જ્યારે જનતાજનાર્દનની સેવામાં જોડાઈ જશે ત્યારે તેમનો અહંકારભાવ સંપૂર્ણ રીતે દૂર થઈ જશે અને તેમને જીવનના આ મહત્ત્વપૂર્ણ પ્રશ્નનું નિરાકરણ મળી શકશે. જીવનનું સાચું સુખ, આત્માનંદ, આત્મશાંતિ, આત્મસંતોષ હૃદયને મુક્ત અને વ્યાપક બનાવવાથી જ મળી શકશે.

રાજા ભર્તૃહરિએ કહ્યું હતું, “ન તો રાજા મોટો છે કે ન તપસ્વી કે ન વિદ્વાન. જે પોતાના જીવન અને કાર્યથી સંતુષ્ટ છે તે જ સૌથી મોટો છે.”

**સ હી ભવતિ દરિદ્રો યસ્ય તૃષ્ણા વિશાલા ।**
**મનસિ ચ પરિતુષ્ટે કોઽર્થવાન્ કો દરિદ્રઃ ॥**

અર્થાત્ - “જેની તૃષ્ણા વધારે છે તે જ દરિદ્ર છે. જેનું ચિત્ત સંતુષ્ટ છે, તેની સામે ન કોઈ ધનવાન છે કે ન કોઈ દરિદ્ર.”

માણસ માણસ વચ્ચે આ સંઘર્ષ તથા લડાઈનું કારણ ગરીબી કે અભાવ નથી, પરંતુ તારા-મારાનો સવાલ છે. પોતાનો લાભ, પોતાની સમૃદ્ધિ તથા પોતાની સારસંભાળ બધાને પ્રિય લાગે છે, પરંતુ બીજાની સાથે તેવો ભાવ નથી. તેના નુકસાન, અપમાન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને મૃત્યુ સુધ્ધામાં પણ કોઈ રસ નથી. ઊલટાનું બીજાની પાસેથી પોતાને વધારે લાભ મળી શકે તે માટે સૌ પ્રયત્નશીલ હોય છે.

આ વ્યાપક સમસ્યાનું પણ એક જ નિરાકરણ છે અને તે એ છે કે પોતાના હૃદયને મારા-તારાના સંકીર્ણ પરિકરમાંથી બહાર કાઢીને 'સમગ્ર'ની સાથે જોડવામાં આવે. તેના વ્યાવહારિક માર્ગનું પહેલું સૂત્ર છે - સહઅસ્તિત્વનો મંત્ર. પોતે જીવો અને બીજાને જીવવા દો. સૌ બેસીને પોતપોતાની થાળીમાં જમો. ત્યાર પછીનો બીજો મંત્ર છે - 'બીજાઓને જીવવા માટે મારે મદદ કરવી જોઈએ', જેની પરાકાષ્ઠા પોતાની જાતને ઓગાળી દેવા સુધી રહે છે. બીજાઓને જીવાડવા માટે પોતાનું બલિદાન આપવાની ભાવના એકબીજાના દિલ અને દિમાગને જોડે છે, એકાકાર કરે છે. વ્યક્તિથી લઈને વિશ્વની સમસ્યાઓનું મૂળ સમાધાન આ જ છે.

આપણે પણ આપણા હૃદયને બીજાઓ માટે એવી જ રીતે સંવેદનશીલ બનાવીને પોતાની અને વિશ્વની સમસ્યાઓના સમાધાનમાં યોગદાન આપી શકીએ છીએ. જો પરિવારમાં આપણે પોતાના માટે સારી માગણી ન મૂકતાં બીજાઓનું ધ્યાન રાખીશું તો આપણો પરિવાર સ્વર્ગીય કેમ નહિ બને ? એવી જ રીતે પાડોશ, દેશ, સમાજ તથા જાતિની પણ એ જરૂરિયાત છે કે જેનો અનુભવ કર્યા વગર માનવ અને વિશ્વની સમસ્યાઓનું સમાધાન થઈ શકશે નહિ.

હૃદયની સંવેદનાઓનો વિસ્તાર જ માણસને ભગવાનની સમકક્ષ પહોંચાડી દે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસની અત્યંત ઉચ્ચ કક્ષાની સંવેદનશીલતાએ જ તેમને કાલીમય અને ભગવાન બનાવી દીધા. સામાન્ય રીતે લોકોમાં આ સંવેદનાનાં બીજ અર્ધવિકસિત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ રહે છે. પોતાને આત્મીયતાની સીમામાં બાંધીને લોકો સાધારણ મનુષ્ય બની રહે છે.

આત્મવિશ્વાસ અને ઈશ્વરવિશ્વાસ એ બે મનુષ્યનાં મહાન અવલંબનો છે. જ્યારે સંવેદનાને સંકીર્ણતા અને વિકૃતિની કાળકોટડીમાં નાખીને ક્રૂરતા, કઠોરતા અને પાપાચારને જ પોતાની પ્રકૃતિ બનાવી લેવામાં આવે છે ત્યારે વ્યક્તિ શેતાન બની જાય છે. તે ભગવાનથી દૂર થઈ જાય છે, એટલું જ નહિ, તે પોતાની અંદરની માનવતાને પણ મારી નાખે છે.

કરુણાનિધાન ભગવાને તો આપણને પોતાની સમકક્ષ બની શકવાનાં તમામ સાધનો અને શક્તિસ્રોત આપ્યાં છે. હવે આપણે શું બનીએ છીએ, શેતાન કે ભગવાન, એ આપણી આકાંક્ષા, સંકલ્પ, પ્રયત્ન તેમ જ પુરુષાર્થની દિશા તથા સ્વરૂપ પર આધાર રાખે છે.

જો આપણે આત્મવિશ્વાસ અને ઈશ્વરવિશ્વાસ ખોઈ બેસીશું તો શેતાનિયત આપણા ગળે વળગી જશે. જો આત્મવિશ્વાસ સાથે આગળ વધતા રહીશું તો લોકો આપણને ક્યારેય ભૂલશે નહિ અને જો આત્મવિશ્વાસ તથા ઈશ્વરવિશ્વાસ બંનેનો પ્રકાશ જીવનમાં વ્યાપી જશે તો દેવત્વ દૂર નહિ રહે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

# માનવજીવન અને ઈશ્વરવિશ્વાસ

મહાભારતનું યુદ્ધ શરૂ થવામાં થોડાક દિવસો બાકી હતા. કૌરવો અને પાંડવો બંને પક્ષો પોતપોતાની તૈયારી કરી રહ્યા હતા. યુદ્ધ માટે પોતપોતાના પક્ષના રાજાઓને આમંત્રિત કરી રહ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણને આમંત્રિત કરવા માટે અર્જુન અને દુર્યોધન એક સાથે પહોંચ્યા. ભગવાને બંને સામે તેમની પસંદગીનો વિકલ્પ મૂક્યો. એક બાજુ એકલા નિઃશસ્ત્ર શ્રીકૃષ્ણ અને બીજી બાજુ શ્રીકૃષ્ણની આખી સશસ્ત્ર સેના, આ બંનેમાંથી જેને જે જોઈએ તે માગી લે. દુર્યોધને નિઃશસ્ત્ર શ્રીકૃષ્ણના બદલે સશસ્ત્ર સેના માગી લીધી, પરંતુ પોતાના પક્ષમાં એકલા નિઃશસ્ત્ર ભગવાન શ્રીકૃષ્ણને જોઈને અર્જુન મનોમન ખૂબ રાજી થયો. અર્જુને ભગવાનને પોતાના સારથિ બનાવ્યા. સંગ્રામ થયો. આખરે પાંડવો જીત્યા અને કૌરવો હાર્યા. ઈતિહાસ સાક્ષી છે કે હાથમાં શસ્ત્ર ઉઠાવ્યા વગર ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનના સારથિ બનીને પાંડવોને જીતાડી દીધા, જ્યારે શક્તિશાળી સેના મેળવીને પણ કૌરવોએ હારવું પડ્યું. દુર્યોધને એ ભૂલ કરી કે ભગવાનના બદલે તેમની સેનાને મહત્ત્વપૂર્ણ ગણી અને સૈન્યબળની સામે ભગવાનને ઠુકરાવી દીધા.

આજે આપણે પણ દુર્યોધન બની ગયા છીએ અને સતત એ જ ભૂલ કરી રહ્યા છીએ. ઈશ્વરની ઉપેક્ષા કરીને કેવળ સંસારની શક્તિઓ, ભૌતિક સંપત્તિઓના જોરે જ જીવનસંગ્રામમાં વિજય મેળવવા માગીએ છીએ. આપણે પણ ભગવાન અને તેની ભૌતિક સ્થૂળ શક્તિઓ બંનેમાંથી દુર્યોધનની જેમ ઈશ્વરની ઉપેક્ષા કરી રહ્યા છીએ અને જીવનમાં સાંસારિક શક્તિઓને જ મહત્ત્વ આપી રહ્યા છીએ, પરંતુ તેનાથી તો કૌરવોની જેમ નિષ્ફળતા જ મળશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાસ્તવમાં જેઓ ભૌતિક શક્તિઓ સુધી જ સીમિત ન રહેતાં પરમાત્માને જ પોતાના જીવનરથના સારથિ બનાવી લે છે તેમનો જ વિજય થાય છે. તેમને જ જીવનનો આધાર બનાવીને માનવી આ જીવનસંગ્રામમાં વિજય પ્રાપ્ત કરી લે છે. આપણે જોઈએ છીએ કે ઈશ્વરને ભૂલીને આપણે સંસારના તાણાવાણા વણતા રહીએ છીએ અને પોતાના મનમાં હવાઈ કિલ્લા બનાવીએ છીએ, કલ્પનાના ઉડ્ડયનથી દુનિયાનો ખૂણેખૂણો માપવાની યોજના બનાવીએ છીએ, પરંતુ આપણે ડગલે ને પગલે ઠોકરો ખાવી પડે છે. સપનાંનો મહેલ એક જ ઝાટકે ધરાશયી થઈ જાય છે, કલ્પનાની પાંખો તૂટી જાય છે, બધું જ ખેદાનમેદાન થઈ જાય છે અને છેવટે પસ્તાવું પડે છે. દુર્યોધન, રાવણ, હિરણ્યકશ્યપ, સિકંદર વગેરે મોટીમોટી હસ્તીઓ પસ્તાઈને અહીંથી ચાલી ગઈ. ભગવાનના સંસારમાં રહીને ભગવાનને જ ભૂલી જવાથી અને માત્ર શક્તિઓને જ મહત્ત્વ આપવાથી બીજું શું મળી શકે ? સંસારના રણમેદાનમાં ઊતરીને આપણે એટલા આંધળા થઈ જઈએ છીએ કે આખી સૃષ્ટિના માલિકના આશીર્વાદ લેવાનું તો દૂર રહ્યું, પરંતુ તેનું સ્મરણ સુધ્ધાં આપણે કરી શકતા નથી અને ભૌતિક સ્થૂળ સંસારને જ મહત્ત્વ આપી ઝઝૂમતા રહીએ છીએ. આવી અહંકારી વ્યક્તિઓ ભલે ગમે તેટલી સફળતા પ્રાપ્ત કરી લે, પરંતુ તેમનો વિજય તો શંકાસ્પદ જ રહેશે.

આજે માનવીય જીવનની જે કરુણ અને દયનીય સ્થિતિ છે, જે સંતાપ, દુઃખ અને નિષ્ફળતાઓ મળી રહી છે, તે બધાનું મૂળ કારણ છે ઈશ્વરની ખોટ, ઈશ્વરીય સત્તાની ઉપેક્ષા કરવી અને એકમાત્ર ભૌતિક સાંસારિકતાને જ મહત્ત્વ આપવું.

ઈશ્વરવિશ્વાસ માટે શ્રદ્ધાનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. ભૌતિક તથા શારીરિક ક્ષેત્રમાં પ્રેમની સીમા હોય છે. જ્યારે આ જ પ્રેમ આંતરિક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અથવા આત્મિક ક્ષેત્રમાં કામ કરવા લાગે છે ત્યારે તેને શ્રદ્ધા કહેવામાં આવે છે. આ શ્રદ્ધા જ ઈશ્વરવિશ્વાસનો મૂળ સ્રોત છે તથા શ્રદ્ધાના માધ્યમથી જ તે વિરાટની અનુભૂતિ થઈ શકે છે. શ્રદ્ધા જીવનરૂપી નાવનાં તમામ હલેસાં ઈશ્વરના હાથમાં સોંપી દે છે. જેના જીવનની દોરી પ્રભુના હાથોમાં હોય તેને ભલા શું ભય હોય ? ભય તો તેને જ હોય કે જે પોતાના દુર્બળ હાથપગ અથવા સંસારની શક્તિઓ પર ભરોસો રાખીને ચાલતો હોય. જે પ્રભુનો પાલવ પકડી લે છે તે નિર્ભય થઈ જાય છે, તેના સંપૂર્ણ જીવનમાં પ્રભુનો પ્રકાશ છવાઈ જાય છે. ત્યારે તેના જીવનવહેવારનાં બધાં પાસાં પ્રભુપ્રેરિત હોય છે, તેનું ચરિત્ર દિવ્ય ગુણોથી સંપન્ન બની જાય છે. તે સ્વયં પરમપિતાનો યુવરાજ બની જાય છે. પછી તેને સંસાર ફિક્કો, નિસ્તેજ, નિર્બળ અને ક્ષુદ્ર ભાસે છે, પરંતુ આ બધું શ્રદ્ધાથી જ સંભવ છે.

પરમાત્માની સત્તા તથા તેમની કૃપા પર અટલ વિશ્વાસ રાખવો એ જ શ્રદ્ધા છે. જેમજેમ તેની પર વિશ્વાસ વધતો જશે, તેમતેમ પ્રભુનું વિરાટ સ્વરૂપ સર્વત્ર દૃશ્યમાન થવા લાગે છે. આપણી અંદર અને બહાર ચારેબાજુ શ્રદ્ધાના માધ્યમથી જ આપણે પરમાત્માનું અવલંબન લેવું જોઈએ. આપણી અંદરબહાર જે પરમ તત્ત્વ વ્યાપેલું છે તેની પર વિશ્વાસ કરવો એ દરેક મુમુક્ષુ માટે જરૂરી છે અને સંભવ પણ છે.

સ્થૂળ જગતનો સમસ્ત કાર્યવહેવાર ઈશ્વરની ઇચ્છા તથા તેના વિધાન પ્રમાણે જ ચાલી રહ્યો છે. બધા વૈજ્ઞાનિકો તથા દાર્શનિકો આ હકીકતને એક જ સ્વરે સ્વીકારે પણ છે. કહેવાની રીત કદાચ જુદીજુદી હોઈ શકે, પરંતુ એટલું ચોક્કસ છે કે આ બધો કાર્યવ્યાપાર કોઈ અદૃશ્ય સર્વવ્યાપક સત્તા દ્વારા જ ચાલી રહ્યો છે. આપણું જીવન પણ ઈશ્વરની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઈચ્છાનું જ રૂપ છે. આથી જીવનમાં ઈશ્વરવિશ્વાસની સાથેસાથે સમસ્ત કાર્યવ્યાપારમાં તેમની ઈચ્છાને જ પ્રાધાન્ય આપવું જોઈએ. તે શું ઈચ્છે છે તેને સમજવું અને તેની ઈચ્છા પ્રમાણે જ જીવનસંગ્રામમાં ઝઝૂમવું જરૂરી છે. આ જ હકીકત તરફ ઈશારો કરતાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું -

**"તસ્માત્ સર્વકાલેષુ મામનુસ્મર યુધ્ય ચ !"**

"હે અર્જુન ! તું નિરંતર મારું સ્મરણ કરતો રહીને મારી ઈચ્છા અનુસાર યુદ્ધ કર !" પરમાત્મા સૌને આ જ આદેશ આપતા રહે છે. ઈશ્વરનું નામ લઈને, તેમની ઈચ્છાને જીવનમાં ધારણ કરીને જેઓ સંસારના રણમેદાનમાં ઊતરે છે તેમને અર્જુનની જેમ જ નિરાશા કે નિષ્ફળતાનો સામનો કરવો પડતો નથી. ઈશ્વરેચ્છાને જીવનના સંચાલનનું કેન્દ્ર બનાવનારના પ્રત્યેક શ્વાસમાંથી એવો અવાજ નીકળતો રહે છે કે "હે ઈશ્વર ! તમારી ઈચ્છા પૂર્ણ થાઓ." જીવનનો આ જ મૂળ મંત્ર છે. મહાપુરુષોનાં જીવન તેનાં સાક્ષી છે. સ્વામી દયાનંદે છેલ્લીવાર ઝેર ખાતાં ખાતાં પણ કહ્યું, "ઈશ્વર ! તારી ઈચ્છા પૂર્ણ થાઓ." મહાત્મા ગાંધીએ ગોળી ખાઈને કહ્યું, "હે રામ ! તમારી ઈચ્છા પૂર્ણ થાઓ." ઈસુને ક્રોસ પર ચઢાવવામાં આવ્યા ત્યારે તેમણે પણ પ્રભુની ઈચ્છા પૂર્ણ થવાનું કહ્યું હતું. જીવનના પ્રત્યેક શ્વાસ, પ્રત્યેક ધબકારામાં પ્રભુની ઈચ્છાને જ મુખ્ય માનો. જીવનને પ્રભુના હાથોમાં સોંપી દઈશું તો છેવટે તેનાં પાવન ચરણોમાં જ સ્થાન મળશે. સાથેસાથે આપણું ભૌતિક જીવન પણ દિવ્ય તેમ જ મહાન બની જશે. ભગવાન કહે છે -

**"મન્મના ભવ મદભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ॥"**

"મારો ભક્ત બની જઈ તારાં બધાં કર્મ તથા અકર્મ મને અર્પણ કરી દે, હું તને બધાં દુઃખોમાંથી પાર કરી દઈશ."



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અહંકારના પૂતળા જેવો માનવી પ્રભુની ઇચ્છાને, તેમની આજ્ઞાને માનતો નથી અને પોતાના નિર્બળ ખભાઓ પર પોતાનો ભાર ઉઠાવીને ફરે છે. એટલું જ નહિ, આખી દુનિયાનો ભાર ઉઠાવવાની ડંફાસો મારે છે. આ જ કારણે નિરાશાઓ, ચિંતાઓ, દુઃખ, રોગ તથા નિષ્ફળતાઓ તેને ઘેરી વળે છે અને રાતદિવસ વ્યાકુળ થઈને માથું કૂટતો માનવી અત્યંત હેરાનપરેશાન રહે છે. અહંકારના કારણે પ્રભુની ઇચ્છાથી વિપરીત ચાલીને કદી સુખ-શાંતિ મળી શકે ખરાં ? ના, કદી નહિ ! આપણે આપણા હૃદય મંદિરમાંથી અહંકાર, વાસના તથા રાગદ્વેષને દૂર કરીને તેને ખાલી કરવું પડશે અને ઈશ્વરેચ્છાને સહજ રીતે કામ કરવા દેવું પડશે, ત્યારે જ જીવનયાત્રા સફળ થઈ શકશે.

જે સમસ્ત સ્થૂળ અને સૂક્ષ્મ સંસારનું સંચાલન કરે છે તેવા ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા તથા વિશ્વાસ રાખી તેની ઇચ્છાને સહજ રૂપમાં કામ કરવા દેવી એ જીવનનો મૂળમંત્ર છે. મનુષ્યની શક્તિ અત્યંત અલ્પ છે. તે અહંકારની શક્તિ છે. કૌરવો, બાણાસુર, રાવણ, હિરણ્યકશ્યપ જેવા મોટામોટા અનેક અસુરોએ પોતાના સાંસારિક બળ અને અહંકારના જોરે ઈશ્વરીય સત્તાને પડકાર ફેંક્યો હતો, પરંતુ અંતે પસ્તાવું પડ્યું, તો પછી સામાન્ય માણસની તો વાત જ શી કરવી ? પોતાના જીવનની દોરી પ્રભુના હાથમાં સોંપીને નિશ્ચિંત થઈ જનારાઓ તેમના વિરાટ સ્વરૂપનું દર્શન કરીને કૃતાર્થ થઈ જાય છે. આપણે જાગૃત થઈને આપણો રથ ભગવાનના હાથમાં સોંપી દેવાનો છે. પરમ પિતાના સંરક્ષણમાં આપણે આપણી વિજય યાત્રા પર ચાલવા માટે તૈયાર થઈ જવાનું છે. આપણા પ્રત્યેક શ્વાસ અને ધબકારામાં પ્રભુનું અમર સંગીત ગૂંજતું રહે, આપણા હૃદયમંદિરમાં બિરાજમાન પ્રભુ આપણા જીવનરથનું સંચાલન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરતા રહે અને અંતમાં તેમની પાવન ગોદમાં જ આપણને સ્થાન મળે એવી પ્રભુને પ્રાર્થના છે. તેઓ જ આપણી અંદર અને બહાર એક રસ થઈ વ્યાપી રહ્યા છે. તેમનાથી વિમુખ થઈને આપણી કોઈ ગતિ નથી.

## ઈશ્વરથી વિમુખ ન થઈએ

જિંદગીને સારી રીતે જીવવા માટે એક એવા સાથીદારની જરૂર રહે છે કે જે આખા રસ્તે આપણી સાથે રહે, આપણને પ્રેમ કરે, સલાહ આપે અને મદદની શક્તિ અને ભાવના બંનેથી સંપન્ન હોય. એવો સાથીદાર મળી જાય તો જિંદગીનો લાંબો રસ્તો હસતાંહસતાં અને સુવિધાપૂર્ણ રીતે પૂરો થઈ જાય. એકલા ચાલવાથી આ રસ્તો દુર્ગમ અને અઘરો થઈ જાય છે.

જે સતત મિત્ર, સખા, સેવક, ગુરુ તથા મદદનીશની જેમ કાયમ માટે હાજર રહે અને બદલામાં કશું ન માગે એવા સૌથી યોગ્ય સાથીદાર માત્ર ઈશ્વર જ હોઈ શકે છે. ઈશ્વરને જીવનના સાથીદાર બનાવી લેવાથી રસ્તો એટલો મંગલમય બની જાય છે કે આ ધરતી જ ઈશ્વરના લોક-સ્વર્ગ જેવી આનંદદાયક જણાય છે. આમ તો ઈશ્વર સૌની સાથે છે અને તે સૌને સહાય પણ કરે છે, પરંતુ જેઓ તેને સમજે છે અને જુએ છે તેમને જ સાચો લાભ મળી શકે છે. કોઈના ઘરમાં સોનું દાટેલું હોય અને તેને તેની ખબર જ ન હોય તો તે ગરીબ જ રહેશે, પરંતુ જો તેને એ ખબર પડી જાય કે મારા ઘરમાં આટલું બધું સોનું છે, તો તેનો ભલે તે ઉપયોગ ન કરે, પણ મનમાં અમીરીનો ગર્વ અને વિશ્વાસ જળવાઈ રહે છે. ઈશ્વરને ભૂલી જવાથી આપણે એકાકીપણું અનુભવીએ છીએ, પરંતુ જ્યારે તેને પોતાના રોમેરોમમાં સમાયેલો, અજસ્ર પ્રેમ અને સહયોગ વરસાવતો અનુભવીએ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છીએ ત્યારે આપણું સાહસ હજારગણું વધી જાય છે. આશા અને વિશ્વાસથી હૃદય હંમેશાં ભરપૂર રહે છે.

જે ઈશ્વરને ભૂલી જાય છે, પોતાના ભરોસે જ બધું કરે છે અને વિચારે છે તેને જિંદગી ખૂબ ભારેખમ લાગે છે. આટલું વજન ઉઠાવીને ચાલવામાં તેના પગ ડગમગવા લાગે છે. મુશ્કેલીઓ અને આફતો આવતાં ભય અને આશંકાથી કાળજું ધકધક કરવા લાગે છે. પોતાનાં સાધનો અલ્પ જણાતાં ભવિષ્ય અંધકારમય દેખાય છે, પરંતુ જેને ઈશ્વર પર વિશ્વાસ છે તેઓ હંમેશાં એવો અનુભવ કરે છે કે કોઈ મોટી શક્તિ મારી સાથે છે. જ્યાં પોતાનું બળ ઓછું પડશે ત્યાં તેનું બળ મળી રહેશે. જ્યાં પોતાનાં સાધનો ઓછાં પડશે ત્યાં તેનાં સાધનો મળી રહેશે. આ સંસારમાં દરેક ક્ષણે પ્રાણઘાતક સંકટો અને આફતોના પહાડ આવતા રહે છે, જે આ બધાથી અત્યાર સુધી આપણું રક્ષણ કરતો રહ્યો છે તે આગળ રક્ષણ કેમ નહિ કરે ?

અત્યાર સુધીના જીવન પર જો આપણે ધ્યાન આપીએ તો એવા અનેક પ્રસંગો યાદ આવશે કે જ્યારે ચારે બાજુ અંધારું છવાયેલું હતું અને એવું લાગતું હતું કે હવે નાવ ડૂબી જશે, પરંતુ પરિસ્થિતિ બદલાઈ ગઈ, વિપત્તિનાં વાદળો દૂર થયાં અને સુરક્ષાની વ્યવસ્થા થઈ ગઈ. લોકો તેને આકસ્મિક ઘટના કહીને ઈશ્વર પ્રત્યે પોતાની આસ્થાને ભૂલી જાય છે. હકીકત એ છે કે ડગલે ને પગલે આપણને દૈવી સહાયતા મળે છે અને આપણી પાસે સ્વલ્પ સાધનો હોવા છતાં પણ કોઈ મોટી શક્તિ મદદ કરવા માટે આવી પહોંચે છે. જો આપણે આપણા સ્વભાવમાંથી કૃતઘ્નતાને દૂર કરીએ તો આપણા વ્યક્તિગત જીવનમાં જ મળેલી દૈવી સહાયતાના એવા અનેક પ્રસંગો શોધી શકીએ છીએ અને એવો વિશ્વાસ કરી શકીએ કે તેની અકારણ કૃપા સતત આપણી ઉપર વરસતી જ રહી છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અત્યાર સુધી તેણે અવારનવાર ઘણી મદદ કરી છે. જન્મ લેતા પહેલાં જ કાયમ આપણને ગરમ, મીઠું અને તાજું દૂધ મળી રહે તેવી વ્યવસ્થા કરી દીધી હતી. માતાના રૂપમાં ધોબણ, ચોકીદાર, ડૉક્ટર, નર્સ, આયા તથા લાડ કરનાર એક વગર પગારની સેવિકા તેણે નિયુક્ત કરી રાખી હતી. દરેક પ્રસંગે જેની મદદ મળતી રહી છે, તે આગળ જતાં પણ મળતી રહેશે જ અને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનશે એવો વિશ્વાસ કરનાર વ્યક્તિ ક્યારેય નિરાશ ન થઈ શકે. તેની હિંમત ક્યારેય તૂટી શકતી નથી. આસ્તિકતાના આધારે હિંમત વધે છે અને સાહસિક શૂરવીરો જેવું હૃદય બની જાય છે.

## આપણો સાચો જીવનસાથી છે ઈશ્વર

આ સંસારમાં માણસે ડગલે ને પગલે મુશ્કેલીઓ અને સંકટોનો સામનો કરવો જ પડે છે. આ સંસારને સંકટોનું ઘર કહેવામાં આવે છે. ઘણાં બધાં સાધનો હોવા છતાં પણ આફતો આવી જાય છે. તેનાથી છુટકારો મેળવવાનો કોઈ રસ્તો દેખાતો નથી. માણસ ઘણા ધમપછાડા કરે છે, પરંતુ મુશ્કેલીઓનો કોઈ અંત આવતો નથી.

લગભગ દરેક માણસના જીવનમાં ક્યારેક ને ક્યારેક આવી ભયાનક પરિસ્થિતિઓ આવતી જ રહે છે. એવું લાગે છે કે જાણે તેનું તમામ બળ, તમામ સાધનો ખલાસ થઈ ગયાં છે. આવા અંધકારમાં કોઈ સાથ આપનાર નથી, જીવન ભારે થઈ ગયું છે. પગ ડગમગવા લાગે છે. ચારેબાજુ અંધકાર છવાયેલો છે. આમ નિરાશા અને ભયથી ઘેરાઈને તે અસહાય થઈ જાય છે.

પરંતુ ફરી ધીરેધીરે બધો જ ઊભરો શાંત થવા લાગે છે. બધી બાજુ ઉકેલ જોવા મળે છે. જે સાધનોની શક્તિમાં તેને અવિશ્વાસ થવા લાગ્યો હતો, પોતાના જે બળમાં તેને અનાસ્થા થઈ ગઈ હતી,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જે જીવનમાં તેને માત્ર અંધકાર જ અંધકાર દેખાતો હતો તેમાં વિશ્વાસ, શ્રદ્ધા અને પ્રકાશ આવતાં જણાય છે. આફતો અને સંકટોનાં વાદળો વિખેરાવા લાગે છે અને નિરાશ માણસ ફરી એકવાર પોતાના જ પગ ઉપર ઊભો થઈ જાય છે. આ બધો શો ચમત્કાર છે ?

આ ચમત્કાર તે ઈશ્વરીય કૃપા છે, જેનો ઉદય પોતાની અંદરથી જ થાય છે. આ માણસના આસ્તિક ભાવનો જ લાભ છે, તેનો જ પ્રસાદ છે. જે નાસ્તિક હોય છે, જેના હૃદયમાં તે સર્વશક્તિમાન ઈશ્વર પ્રત્યે વિશ્વાસ હોતો નથી તેને આ લાભ મળી શકતો નથી. નાસ્તિક વ્યક્તિને આવો વિશ્વાસપાત્ર સંબંધ પ્રાપ્ત થતો નથી. તે તો પોતાનાં સાધનો, પોતાનું બળ અને પોતાની શક્તિ ખૂટતાં જ હિંમત હારી જાય છે અને ત્યારે સંકટો તથા આફતો તેની શક્તિને સાવ નષ્ટ કરી દે છે. જેમને ઈશ્વરમાં વિશ્વાસ હોય છે, આસ્તિક ભાવથી ઓતપ્રોત હોય છે, તેમની પર જ તે કરુણા કરે છે.

એ તો ઈશ્વરની મહાન કૃપા જ છે કે તે પોતાનામાં વિશ્વાસ રાખનારને અસહાય સ્થિતિમાં મદદ કરે છે. તે કોઈનો બંધક બનતો નથી, તેની પર કોઈનો ઈજારો થતો નથી. જો તે મદદ ન કરે તો તેની કોઈ ટીકા થતી નથી, પરંતુ તે પોતાનામાં વિશ્વાસ રાખનારને વગર માગ્યે મદદ કરતો રહે છે, કારણ કે તે કરુણાસાગર છે, દયાનો ભંડાર છે. પરમાત્માની આ કૃપા પ્રત્યે આપણે સૌએ કૃતજ્ઞ રહેવું જ જોઈએ.

અનેક લોકો જરાક દુઃખ આવતાં ખૂબ ગભરાઈ જાય છે. હાય હાય કરવા લાગે છે. તેને ઈશ્વરનો પ્રકોપ માનીને તેને સારુંખોટું સંભળાવે છે. નિરાશ અને હતોત્સાહ થઈને ઈશ્વર પ્રત્યે અનાસ્થાવાન બની જાય છે. આ બરાબર નથી. દુનિયામાં આફતો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તો આવતી જ રહે છે. તે ગમે ત્યારે આવી શકે છે, પરંતુ તેનાથી ગભરાવું ન જોઈએ. તેને ઈશ્વરની પોતાનાં બાળકો સાથેની એક રમત માનવી જોઈએ. જેમ કોઈ કાગળનો ભયાનક ચહેરો બનાવીને બાળકોને ડરાવવાની મજાક કરે છે, તેવી જ રીતે ઈશ્વર પણ સંકટની સ્થિતિ લાવીને પોતાનાં બાળકો સાથે રમત રમે છે. તેનો આશય એટલો જ હોય છે કે બાળકો ભયાનક સ્થિતિઓથી ટેવાઈ જાય અને તેમની ડરવાની ટેવ છૂટી જાય. તેઓ સંસારમાં દરેક સંકટનો સામનો કરવાને યોગ્ય બની જાય. આફતોને ઈશ્વરની રમત સમજીને ડરવું ન જોઈએ. તેમાં એ ખેલાડીને સાથ આપીને આપણે પણ રમતા જ રહેવું જોઈએ.

જેમને ઈશ્વર પર વિશ્વાસ હોતો નથી એમના માટે આફતો ભયનું કારણ બને છે. તેમાં તેમને ઈશ્વરની શુભ ભાવનાનો આભાસ દેખાતો નથી, નહિતર સંસારની કોઈ પણ પરિસ્થિતિથી ડરવાનું કોઈ કારણ નથી. જેને ઈશ્વરની કૃપામાં વિશ્વાસ છે, તેની શક્તિમાં અખંડ આસ્થા છે, તેને જેઓ પોતાના સ્વામી, સખા અને માતાપિતા માને છે તેને કોઈ પણ બાબતથી ડરવાની જરૂર નથી. જેમણે તે સર્વશક્તિમાનનો સાથ છોડી દીધો છે તેમણે ડરવું જોઈએ.

જેઓ તેમના આદેશો અને નિર્દેશોનું ઉલ્લંઘન કરવાનો ગુનો કરે છે, જેઓ ઈશ્વરનો વિરોધ કરતાં ડરતા નથી, જેઓ તેની ઇચ્છાનું અનુસરણ કરવામાં આનાકાની કરે છે, તેઓ ડરે છે. જેઓ તેમની ઉપાસના કરે છે, તેમની આજ્ઞાનું પાલન કરે છે, તેમનો વિશ્વાસ જાળવી રાખે છે તેમને સંસારમાં ન તો કોઈનો ભય લાગે છે કે ન તો તે કોઈ સ્થિતિથી વિચલિત થાય છે. પોતાનામાં વિશ્વાસ રાખનારને ઈશ્વર વગર માગ્યે જ સાહસ, બળ અને શક્તિ આપતો રહે છે, તે તેની મહાન કૃપા છે. આપણે સૌએ તેના પ્રત્યે આભારી રહેવું જોઈએ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જીવન એક લાંબી યાત્રા સમાન છે. સાવ એકલા ચાલીને આ યાત્રા પૂરી કરી શકવી સહેલી નથી. જ્યારે કોઈ યાત્રામાં મનગમતો સાથીદાર મળી જાય છે ત્યારે રસ્તો ખૂબ સરળતાથી કપાઈ જાય છે. રસ્તો લાંબો અને નીરસ લાગતો નથી, પરંતુ સાથીદારો સાચા સહયોગીઓ અને યોગ્ય હોવા જોઈએ, નહિતર તે યાત્રાને વધારે કષ્ટમય બનાવી દે છે, પરંતુ આવા મનગમતા સાથીદારો આ સંસારમાં ક્યાં મળે છે ?

સંસારમાં મોટેભાગે સ્વાર્થી, વિશ્વાસઘાતી અને દુઃખના સમયે સાથ છોડી જનારા જ જોવા મળે છે. જીવનયાત્રા માટે સૌથી યોગ્ય સાથીદાર ઈશ્વર સિવાય બીજું કોણ હોઈ શકે ? તે એક જ એવો મિત્ર, સખા, સજ્જન, સહાયક અને ગુરુ હોય છે, જે આખા રસ્તે સાથે રહે છે, ભૂલા પડીએ ત્યારે રસ્તો બતાવે છે, થાકીએ ત્યારે મદદ કરે છે અને આપત્તિના સમયે હાથ પકડીને બહાર કાઢી લાવે છે. એક ઈશ્વર સિવાય એવો સાથીદાર બીજો કોણ હોઈ શકે કે જે જીવનભર સાથ નિભાવે, ડગલે ને પગલે ચેતવણી અને સંકેત આપી શકે, પરંતુ પોતાના આ ઉપકારના બદલામાં તે કંઈ લે કે માગે નહિ. આવા નિઃસ્વાર્થ, હિતેચ્છુ, સાથીદાર અને સહચરના ઉપકારોને જો ભૂલી જવામાં આવે તો તેના કરતાં વધારે કૃતઘ્નતા બીજી શું હોઈ શકે ?

જેમણે ઈશ્વર સાથે મિત્રતા કરી લીધી છે, તેને પોતાનો મિત્ર બનાવી લીધો છે તેમના માટે આ સંસાર વૈકુંઠની જેમ આનંદનો ભંડાર બની જાય છે. આ આખી દુનિયા જેની છે, જે આ સંસારનો સ્વામી છે તેની સાથે સંબંધ બાંધી લેવાથી, તેનો હાથ ઝાલી લેવાથી પછી એવી કઈ સંપદા છે, એવું કયું સુખ છે કે જેમાં આપણને ભાગ ન મળે ? જે ભગવાનનો સખા છે તે તેના ઐશ્વર્યોનો પણ ભાગીદાર હોય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઈશ્વરના અનંત ઉપકારોને તો કોઈ કૃતઘ્ન કે નાસ્તિક જ ભૂલી શકે, શ્રદ્ધાળુ આસ્તિક કદી ન ભૂલે. આ અકારણ ઉપકાર કરનાર પ્રત્યે આપણે હંમેશાં વિશ્વાસુ અને આસ્થાવાન રહેવું જોઈએ. જ્યારે તે જીવને જન્મ આપવાનું વિચારે છે ત્યારે તેના માટે તમામ સુવિધાઓ અગાઉથી જ કરી રાખે છે, જેથી જન્મ લીધા પછી તેના વહાલસોયાને કોઈ તકલીફ ન પડે. તેની માતાને બે સ્તન આપે છે. જન્મ આપતાંની સાથે જ તેમાંથી રોજ તાજું, સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યપ્રદ દૂધ પેદા કરતો રહે છે. માતાના હૃદયમાં વાત્સલ્ય અને સ્નેહ પેદા કરીને અબોધ જીવની સુરક્ષા, સેવા અને દેખભાળ કરવાની પ્રેરણા આપતો રહે છે. જો તે આવું ન કરે તો સંસારમાં એક દિવસ પણ જીવન ચાલી ન શકે.

એટલું જ નહિ, આગળ જતાં પણ તે જીવો પર અત્યંત ઉપકાર કરે છે. તેમની ક્રમિક વૃદ્ધિ કરે છે, તેમનો વિકાસ કરે છે; બળ, બુદ્ધિ અને વિવેકની કૃપા કરે છે. જો તે આવું ન કરે તો જીવ પણ જડની જેમ ગતિહીન બની જાય. ન તો તે સંસારમાં કોઈ કર્તવ્ય કરી શકે કે ન તો તેનો આનંદ ઉઠાવી શકે. આવા પરમ કૃપાળુ પરમાત્માના ઉપકારોને કેવી રીતે ભૂલી શકાય ?

આ સંસારમાં શું નથી ? સુખ, સૌભાગ્ય, આનંદમંગળ બધું જ આ સંસારમાં ભરેલું છે, પરંતુ જેઓ તેના સ્વામી એવા પરમાત્માને અનુકૂળ રહેતા હોય તેમને જ તે બધું મળે છે. તેનાથી વિપરીત ચાલનારને સંસારમાં દુઃખ અને આપત્તિઓ સિવાય બીજું કશું જ મળી શકતું નથી. જેઓ આ જગતના સ્વામીને પોતાનાં માતા-પિતા માનશે, તેમની આજ્ઞાનું પાલન કરશે, તેમને દરેક રીતે પ્રસન્ન રાખવાનો પ્રયાસ કરશે, તે જ સાચો વારસદાર બનશે અને સંસારનો વૈભવ પામી શકશે. સંસારનો તમામ વૈભવ મારા પિતાનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે એવો વિશ્વાસ જ્યારે હૃદયમાં સ્થાયી થઈ જશે તો પુત્રભાવ ધરાવનાર આસ્તિક તે અપાર વૈભવને પોતાનો માનવા લાગશે. તેને ગરીબી, અભાવ, દરિદ્રતા અથવા દુઃખનો અનુભવ જ નહિ થાય. જ્યારે  રાજા અને ધનવાનોના દીકરા પોતાની જાતને સંપન્ન અને સંતુષ્ટ અનુભવે છે અને પિતાના જોરે સંસારમાં નિર્ભય થઈને ફરે છે, તો પછી તે સર્વશક્તિમાન ઈશ્વરને પોતાના પિતા માનનાર શું કામ કોઈનાથી ડરે અને શું કામ પોતાને ગરીબ માનીને દુઃખી થાય  ?

ઈશ્વર મનુષ્યના ભાવને અનુરૂપ જ પોતાનો ભાવ બનાવે છે. જેઓ તેમાં પિતાનો ભાવ ધરાવે છે તે બદલામાં તેના તરફથી પુત્રનો ભાવ પામે છે.  એવો કયો પિતા હોય, જે પોતાના પુત્રને પોતાની સંપત્તિથી વંચિત રાખે કે તેને મુશ્કેલીમાં પડી રહેવા દે ? તે તો દરેક રીતે તેનું લાલનપાલન કરશે અને દરેક પ્રકારની આપત્તિઓમાંથી બચાવશે. આવા પરમ દયાળુ પરમાત્માના ઉપકારોને ન માનવા એ ખૂબ મોટું પાપ છે.

સંસારની આ લાંબી જીવનયાત્રાને  પૂરી કરવા માટે એકલા ચાલી નીકળવું એ સલામત નથી. તેમાં આપત્તિઓ આવશે, સંકટોનો સામનો કરવો પડશે તથા નિરાશા અને નિરુત્સાહ સામે ટક્કર લેવી પડશે. આ બધી જ મુશ્કેલીઓ અને દુઃખદ પરિસ્થિતિઓ સામે લડવા માટે પણ એક વિશ્વાસુ સાથીદાર હોવો જરૂરી છે. ઈશ્વર કરતાં આવો વધારે સારો સાથીદાર બીજો કોઈ ન હોઈ શકે. તેને ક્યાંયથી લાવવાની, બોલાવવાની જરૂર હોતી નથી. તે તો હરઘડીએ, દરેક સ્થળે હાજર જ હોય છે. એક અણુ પણ તેનાથી રહિત નથી. તે આપણી અંદર બેઠેલો છે, પરંતુ જેવી રીતે કોઈના ઘરમાં મોટો  ખજાનો દટાયેલો પડ્યો હોય અને તેને અજ્ઞાનતાના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કારણે તે જાણતો ન હોય તેવી રીતે આપણે પણ આપણા અહંકારના કારણે તેને જાણી શંકતા નથી. જ્યારે તેને પોતાની સંપત્તિ વિશે ખબર પડી જાય છે ત્યારે તે ખર્ચ ભલે ન કરે તો પણ તેને તેના આધારે એક સંપન્નતા, એક વિશ્વાસ અને એક બળનો અનુભવ થતો રહે છે. એવી જ રીતે જેઓ પોતાના અંતઃકરણમાં રહેલા ઈશ્વર પર વિશ્વાસ કરે છે તે સમજી લે છે કે તે સર્વશક્તિમાન હરઘડીએ તેની સાથે રહે છે ત્યારે તેને ખૂબ જ આનંદ થાય છે અને આત્મવિશ્વાસ જળવાઈ રહે છે. પછી તેને ન તો કોઈનો ભય લાગે છે કે ન તો તે કોઈ જાતની ઊણપ અનુભવે છે. આ વિશ્વાસના આધારે ગમે તેવી પરિસ્થિતિઓનો તે પોતે જ સામનો કરી લે છે અને મોટેભાગે તેને રોઈકકળીને ઈશ્વરને પોકારવાની જરૂર પડતી નથી.

ઈશ્વર આપણા મહાન ઉપકારી પિતા છે. તે આપણા સ્વામી અને સખા પણ છે. આપણે તેમના પ્રત્યે સદાય આસ્થાવાન રહેવું જોઈએ અને આભારપૂર્વક તેમના ઉપકારોને યાદ કરીને તેમના પ્રત્યે વિનમ્ર તથા શ્રદ્ધાળુ બની રહેવું જોઈએ. તેમાં જ આપણું સુખ સમાયેલું છે, એટલું જ નહિ, આપણા લોક અને પરલોક બંનેનું કલ્યાણ રહેલું છે. તેમના પ્રત્યેની અનાસ્થા જ શેતાનિયતને જન્મ આપે છે.

## પરમાત્માની અનંત અનુકંપાને ઠુકરાવો નહિ

તે ભગવાન સદાય સૌની સાથે છે, ઘટઘટવાસી અને સર્વવ્યાપી હોવાના કારણે આપણે જ્યાં પણ રહીએ છીએ ત્યાં આપણી સાથે ઓતપ્રોત થયેલો હોય છે. આ વિશ્વમાં તલભાર જગ્યા એવી નથી કે જ્યાં ભગવાન ન હોય. આપણા પ્રત્યેક શ્વાસની સાથે તે આપણી અંદર જાય છે અને બહાર નીકળે છે. લોહીના દરેક તરંગ સાથે તે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હરક્ષણ આપણાં અંગપ્રત્યંગોમાં દોડતો રહે છે, હૃદયના ધબકારા સાથે તે તાલ મેળવે છે. જ્યારે આપણે સૂઈ જઈએ છીએ ત્યારે પણ તે આપણી સુરક્ષા માટે જાગતો રહે છે. માતાના ખોળાની જેમ નિદ્રાની ચાદર ઓઢાડીને આપણને છાતીસરસા ચાંપીને સુવડાવી દે છે. જ્યારે જીવ ચારે બાજુથી અશાંત અને દુઃખી થઈને થાકીને લોથપોથ થઈ જાય છે ત્યારે નિદ્રા સ્વરૂપે પરમાત્માનો ખોળો જ તેને વિશ્રામ આપે છે. અસમર્થ જીવને ચિરનિદ્રામાં સુવડાવીને ક્લોરોફોર્મ સુંઘાડીને ઑપરેશન કરતા અને સડેલું અંગ કાપીને તેની જગ્યાએ નવું અંગ લગાવી દેતા કુશળ ડૉક્ટરની જેમ તે પુનર્જન્મની વ્યવસ્થા કરે છે. મૃત્યુ એ બીજું કંઈ નહિ, માત્ર એક ઊંડી ચિરનિદ્રા જ છે.

પ્રભુની અનંત અનુકંપાનો હરઘડીએ અનુભવ કરી શકાય છે. આપણને તેનાં એટલાં બધાં અનુદાનો મળેલાં છે કે તેની પર વિચાર કરતાં એવું લાગે છે કે જાણે સૃષ્ટિની બધી વિભૂતિઓ તેણે આપણા માટે જ બનાવી રાખી છે અને વસ્તુઓનો મરજી પ્રમાણે ઉપયોગ કરવાની પૂરેપૂરી છૂટ આપી છે. ધોધમાર વહેતી નદીઓ, શાંત સરોવરો, મધુર હાસ્ય વેરતાં પુષ્પો, કલરવ કરતાં પક્ષીઓ, ગર્જના કરતાં અને વરસતાં વાદળો, લહેરાતી લીલોતરી, આકાશને આંબતા પર્વતો, જ્યાં પણ નજર નાખો ત્યાં પ્રકૃતિનું અનંત સૌંદર્ય વેરાયેલું પડ્યું છે અને સૌ કોઈ ઇચ્છિત પ્રમાણમાં તેનો રસાસ્વાદ માણી શકવા માટે સ્વતંત્ર છે.

આપણને જે શરીર મળ્યું છે તેનું એકેએક અંગ એટલું કીમતી છે કે વિજ્ઞાનની પ્રગતિના આ યુગમાં પણ વૈજ્ઞાનિકો કરોડો રૂપિયા ખર્ચીને પણ એવાં અંગો બનાવી શકતા નથી. આંખ જેટલું સ્પષ્ટ જુએ છે તેવો કેમેરા અત્યાર સુધી કોઈ બનાવી શક્યું નથી. મગજની રચના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તો એવી વિલક્ષણ છે કે તેના સૂક્ષ્મ વિદ્યુતસંસ્થાનનાં નાનાં નાનાં કાર્યોને માત્ર સમજવાનો પ્રયત્ન કરવામાં જ માણસની બુદ્ધિ થાકી જાય છે. હાથ, પગ, પાચનતંત્ર, શ્વસનતંત્ર, રુધિરાભિસરણતંત્ર, મળમૂત્ર વિસર્જનતંત્રની રચના અને ઉપયોગિતા જ એવી આશ્ચર્યજનક છે કે તે વૈજ્ઞાનિકના, તે કલાકારના સર્જનને જોતાં એવું લાગે છે કે આ રચનાકારની માનવશરીરની અદ્‌ભુત રચનાને સમજી શકવી પણ અઘરી છે.

આ માનવશરીરમાં જે સુખસુવિધાઓ મળેલી છે તેનું જ વિશ્લેષણ કરીએ અને બીજાં જીવજંતુઓની સરખામણીમાં તેમની શ્રેષ્ઠતાનો અનુભવ કરીએ તો મન કૃતજ્ઞતાથી ભરાઈ જાય છે. પરમાત્માનાં અનંત અનુદાનો બદલ સંતોષ વ્યક્ત કરીએ અને પ્રભુનો આભાર માનીએ તો આ આખું જીવન એક કાર્ય પૂરું કરવા માટે પણ ઓછું પડે. આપણને બાહ્યજીવનમાં જે ઉપલબ્ધિઓ મળી છે તે પણ અદ્‌ભુત છે. બોલવાની, લખવાની, વાંચવાની જેટલી વિશેષતા આપણને મળી છે, તેટલી બીજા કોઈ જીવને મળી નથી. તેની આ રચના એ કેવી મંગલમય વ્યવસ્થા છે કે જેની મદદથી હસતાંરમતાં જિંદગી પસાર થઈ જાય છે અને જે પુણ્યપરમાર્થ પામવાનું લક્ષ્ય હતું તે પણ આ નાના સરખા બગીચાને સિંચવામાં પૂરું થઈ જાય છે. પરિવારની રચના સાથે આનંદ અને ઉલ્લાસનો કેટલો શ્રેષ્ઠ સમન્વય થયેલો છે તેની પર વિચાર કરીએ તો લાગે છે કે આનંદની અનુભૂતિની એક ખૂબ જ સુંદર વ્યવસ્થા બનાવી દેવામાં આવી છે, જેમાં મનોરંજનની પૂર્ણ વ્યવસ્થા રાખવામાં આવી છે અને કર્તવ્યપાલન તથા આત્મવિકાસની ભરપૂર તકો રહેલી છે.

સંસારની બાહ્ય પરિસ્થિતિઓમાં ભગવાનનો કેવો કડવો-મીઠો સ્વાદ સમાયેલો છે કે એકની સાથે સંબંધ બાંધવાથી બીજાની મહત્તા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વધે છે. રાત્રીનો અંધકાર દિવસના પ્રકાશનું મહત્ત્વ વધારે છે અને દિવસનો પ્રકાશ રાત્રીના અંધકારને શ્રેય આપે છે. ગરીબીના કારણે અમીરીનું ગૌરવ ટકેલું છે અને અમીરીથી ખિન્ન થયેલા લોકો ગરીબીમાં, સંન્યાસના શરણમાં શાંતિ શોધે છે. રોગથી આરોગ્યનું મહત્ત્વ સમજાય છે, પાપ જોઈને પુણ્યની પ્રતિક્રિયા પેદા થાય છે. દુરાત્માઓની ઉપસ્થિતિથી મહાત્માઓનું સન્માન થાય છે. જો આ બધું એકસરખું જ રહેતું હોત, વ્યક્તિઓ અને પરિસ્થિતિઓમાં કોઈ ફરક ન રહેતો હોત તો તે ગુંગળાઈ જાત અને ચારે બાજુ જે હલચલ જોવા મળે છે તેના બદલે સન્નાટો છવાયેલો હોત. જે બાબતોને આપણે પરમાત્માની ભૂલ, અવકૃપા તથા અવ્યવસ્થા માનીએ છીએ તેમાં પણ ખરેખર તેની સુવ્યવસ્થા રહેલી છે.

જે પરિસ્થિતિઓ આપણને પ્રતિકૂળ, અપ્રિય, અણગમતી અને દુઃખદાયક લાગે છે તેમાં પણ પરમાત્માનો સત્પ્રયત્ન અને સદુદ્દેશ્ય છુપાયેલો હોય છે. ભણવા માટે કડકાઈ કરનાર શિક્ષક, સડેલા અંગનું ઑપરેશન કરનાર ડૉક્ટર, ઉદ્દંડતા બદલ ગુસ્સે થનાર પિતા, ગુના બદલ સજા ફટકારનાર ન્યાયાધીશ તેમને ખરાબ લાગે છે, તેમના વ્યવહારથી દુઃખ પહોંચે છે, પરંતુ કષ્ટ પહોંચાડવું એ હંમેશાં અવકૃપાના કારણે જ હોતું નથી. માતાએ પ્રસૂતિની પીડા ભોગવવી પડે છે, પરંતુ શું તે કોઈના ક્રોધ કે દુર્વાસનાનું પરિણામ હોય છે ? ઈશ્વરનો પ્રેમ અને અનુગ્રહ તો ઘણીવાર માતાના દૂધપાનની જેમ મધુર તો ક્યારેક કાન ઊભા થઈ જાય તેવો કડવો પણ હોય છે. બાળક નહિ, પરંતુ માતા જ જાણે છે કે આ બંનેમાં ફક્ત બાળકના કલ્યાણ અને સુખનું જ ધ્યાન રાખવામાં આવ્યું છે.

તે પરમાત્મા હરઘડીએ આપણી સાથે રહે છે, પરંતુ તેની હાજરીથી જે લાભ મળવો જોઈએ તેને કોઈ વિરલા જ મેળવી શકે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. ઘરમાં દાટેલા ધન વિશે જો આપણને ખબર  ન હોય તો તેનાથી શો લાભ મળશે ? ગળામાં રહેલા હીરાના હારને આપણે જો કાચનો જ સમજી બેઠા હોઈએ તો આપણને તેનાથી શો લાભ થશે ? પરમાત્માની અપાર  શક્તિ તેમ જ અનુકંપા હરક્ષણે આપણી સાથે છે, પરંતુ તેનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકવો એ અજ્ઞાનીઓ માટે અઘરો છે. જે જાણકારીના આધારે પરમાત્માના સાથીદાર હોવાનું યોગ્ય સત્પરિણામ પ્રાપ્ત કરી શકાય છે તેને જ સદ્જ્ઞાન અથવા અધ્યાત્મ કહે છે.

કપડાંના ઝીણા પડદાની આસપાસ બેઠેલી બે વ્યક્તિઓ એક બીજાને જોઈ શકતી નથી, તેમ છતાં અનુભવ તો કરી શકે છે કે પડદાની પાછળ કોઈક બેઠું છે. આપણે એ તો જાણીએ છીએ કે પરમાત્મા આપણી સમીપ છે, આપણી અંદર જ છે, પરંતુ તેની હાજરીથી તે આનંદ અને લાભ ઉઠાવી શકાતો નથી કે જેવો તેના સાંનિધ્યથી મળવો જોઈએ. રાજા, ધનવાન, અમીર, યોદ્ધા, વિદ્વાન, કલાકાર વગેરે શ્રેષ્ઠ લોકોની મિત્રતા અને નિકટતાનો લોકો ખૂબ લાભ ઉઠાવે છે ત્યારે ઉદાર તથા અનુગ્રહી પરમાત્માના સતત સાંનિધ્યનો આપણે કોઈ લાભ ન ઉઠાવી શકીએ, આપણી સ્થિતિને ઉન્નત ન બનાવી શકીએ, તો  તેને દુર્ભાગ્ય સિવાય બીજું શું કહી શકાય ?

પરમાત્મા સતત આપણી સાથે રહે છે.  તે આપણને તેના જેવા બનવા, ઉપર ઉઠવા માટે આમંત્રણ આપે છે, આહ્વાન કરતો રહે છે, પરંતુ મોઢેથી તેને જ બોલાવતા રહેતા અનેક લોકો મનથી તો શેતાનનું જ સાંનિધ્ય ઇચ્છે છે, તેના તરફ ખેંચાવામાં જ સુખનો અનુભવ કરે છે, એ પણ મનુષ્યજીવનની એક વિચિત્ર વિટંબણા છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# આત્મા અને પરમાત્માનો સંબંધ

આત્મા એ પરમાત્માનો જ અંશ છે. જેવી રીતે જળની ધારા કોઈ પથ્થર સાથે ટકરાઈને નાના નાના પરપોટાના રૂપમાં બદલાઈ જાય છે એવી જ રીતે પરમાત્માની મહાન સત્તા પોતાનાં ક્રીડા-વિનોદ માટે અનેક ભાગોમાં વિભક્ત થઈને અગણિત જીવોના રૂપમાં દૃષ્ટિગોચર થતી રહે છે. સૃષ્ટિસંચાલનનું ક્રીડાકૌતુક કરવા માટે પરમાત્માએ આ સંસારની રચના કરી. તેઓ એકલા હતા. એકલા રહેવું તેમને સારું ન લાગ્યું. તેમને એકમાંથી અનેક થઈ જવાની ઈચ્છા થઈ. તેમની આ ઈચ્છા જ ફલિત થઈને પ્રકૃતિના રૂપમાં પરિણમી. ઈચ્છાની શક્તિ મહાન છે. આકાંક્ષા પોતાને અનુરૂપ પરિસ્થિતિઓ તથા વસ્તુઓ એકત્રિત કરી જ લે છે. વિચારો જ કાર્યરૂપમાં પરિણમે છે અને તે કાર્યોની સાક્ષી આપવા માટે પદાર્થો હાજર થઈ જાય છે. પરમાત્માની એકમાંથી અનેક થવાની ઈચ્છાએ જ પોતાનો વિસ્તાર કર્યો, જેમાંથી આ આખું વિશ્વ બનીને તૈયાર થઈ ગયું.

પરમાત્માએ પોતાની જાતને વિખેરી નાખવાનું ઝંઝટભર્યું કાર્ય એટલા માટે કર્યું કે વિખેરાયેલા કણોને ફરીથી એકઠા કરતી વખતે અસાધારણ આનંદ પ્રાપ્ત થાય છે. વિખૂટા પડવામાં જે દુઃખ થાય છે તેની પૂર્તિ મિલનના આનંદથી થઈ જાય છે. પરમાત્માએ પોતાના ટુકડાઓને અર્થાત્ જીવોને વિખેરી નાખવાનું વિયોગકારક કાર્ય એટલા માટે કર્યું કે જીવ પરસ્પર એકતા, પ્રેમ, સદ્ભાવ, સંગઠન, સહયોગનો જેટલો પ્રયાસ કરે, એટલો જ તે આનંદમગ્ન થતો રહે. પ્રેમ અને આત્મીયતા કરતાં વધારે ઉલ્લાસ આ પૃથ્વી પર બીજી કોઈ વસ્તુમાં નથી. એવી જ રીતે એકતા અને સંગઠન કરતાં વધારે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શક્તિનો સ્રોત બીજો કોઈ નથી. આ સંસારમાં અનેક પ્રકારનાં બળો રહેલાં છે, પરંતુ તે પ્રાણીઓની એકતા દ્વારા જે શક્તિ પેદા થાય છે તેની સરખામણી બીજા કોઈની સાથે કરી શકાય એમ નથી. પતિ-પત્ની, ભાઈ-ભાઈ, મિત્ર-મિત્ર, ગુરુ-શિષ્ય વગેરેની આત્મીયતા ઉચ્ચ સ્તર સુધી પહોંચે છે ત્યારે તે મિલનનો આનંદ અને પરિણામ એટલાં સુંદર અને ઉત્સાહવર્ધક હોય છે કે પ્રાણી પોતાની જાતને ભાગ્યશાળી માને છે.

કબીરનો એક દોહો પ્રસિદ્ધ છે -

**રામ બુલાયા ભેજિયો, કબીરા દીના રોય ।**
**જો સુખ પ્રેમી સંગમેં, સો વૈકુંઠ ન હોય ॥**

આ દોહામાં વૈકુંઠ કરતાં પણ પ્રેમીના સાંનિધ્યને વધારે શ્રેષ્ઠ બતાવવામાં આવ્યું છે. કબીર પ્રેમીને છોડીને સ્વર્ગમાં જવાને પણ દુઃખ માને છે અને રોવા લાગે છે. વસ્તુસ્થિતિ આ છે. સાચા પ્રેમમાં જ એવો આનંદ હોય છે. જ્યાં માણસ-માણસ વચ્ચે નિષ્કપટ, નિઃસ્વાર્થ અને સાચા હૃદયની મિત્રતા હોય છે, ત્યાં ગરીબી વગેરે મુશ્કેલીઓ ગૌણ થઈ જાય છે અને અભાવો તથા તકલીફો રહેવા છતાં પણ વ્યક્તિ આનંદઉલ્લાસનો અનુભવ કરે છે.

ઉપાસનામાં પ્રેમનો અભ્યાસ એક મુખ્ય આધાર છે. ઈશ્વરની ભક્તિ કરવાનો અર્થ છે - આદર્શવાદ. પ્રેમના વિકાસનો આધાર પણ આ જ છે. સાચા અને ઈમાનદાર માણસોની વચ્ચે જ દોસ્તી વિકસે છે અને ટકે છે. ધુતારા અને સ્વાર્થી લોકોની વચ્ચે તો મતલબની જ દોસ્તી હોય છે. તે જરાક આઘાત લાગતાં કાચના પ્યાલાની જેમ તૂટી જાય છે. લાભમાં જરાક ઊણપ આવતાં જ પોપટની જેમ આંખો ફેરવી લેવામાં આવે છે. આ બહારથી દેખાતી ધૂર્તતાપૂર્ણ મિત્રતા તો માત્ર એક છેતરપિંડી છે. જ્યાં જેટલે અંશે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મૈત્રીભાવ હશે ત્યાં આનંદ, સંતોષ અને પ્રફુલ્લતાનું ઝરણું સતત વહેતું રહેશે. જો થોડાક લોકોનો પરિવાર કે સંગઠન પ્રેમના ઉચ્ચ આદર્શો પર આધારિત રહીને વિકસિત થઈ શકે તો તે પરિવારના સદસ્યોને વિકાસ તથા આનંદની પૂરતી તકો મળતી રહેશે. જે સમાજમાં સાચી મિત્રતા, ઉદારતા, સેવા અને આત્મીયતાનો આદર્શ સારી રીતે ફળીભૂત થવા લાગે છે ત્યાં ચોક્કસપણે સ્વર્ગીય વાતાવરણ સ્થપાય છે. દેવતાઓ જ્યાં રહેતા હશે ત્યાં તેમના સારા સ્વભાવે પ્રેમનું વાતાવરણ બનાવ્યું હશે અને તે દિવ્ય ભાવનાએ ત્યાં સ્વર્ગની રચના કરી દીધી હશે. જ્યાં સજ્જનો પ્રેમપૂર્વક હળીમળીને આત્મીયતા, ઉદારતા, સેવા અને સજ્જનતાપૂર્વક રહેતા હોય ત્યાં જ સ્વર્ગ હોવાની સંભાવના છે.

ઈશ્વર ઉપાસનાથી સ્વર્ગની પ્રાપ્તિનું જે મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે તેનો આધાર એ જ છે કે ઉપાસના કરનારે ભક્તિનો માર્ગ અપનાવવો પડે છે. પરમાત્માને, આત્માને, આદર્શવાદને જેઓ પ્રેમ કરવાનું શીખી લેશે તેમને અનિવાર્ય રીતે પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમનો આભાસ થશે અને તેના કારણે તેમનું નિવાસસ્થાન અને નજીકનું વાતાવરણ સ્વર્ગીય વાતાવરણથી ભરપૂર રહેશે. ઉપનિષદનું વચન છે - **"રસો વૈ સઃ"** એટલે કે પ્રેમ એ જ પરમાત્મા છે. બાઈબલે પણ આ હકીકતને સમર્થન આપ્યું છે અને માણસને પ્રેમી સ્વભાવવાળા બનવા પર ભાર મૂકતાં કહ્યું છે કે જે પ્રેમી છે તે જ ઈશ્વરનો સાચો ભક્ત ગણાશે. ભક્તના મહિમાથી અધ્યાત્મશાસ્ત્રનાં પાનેપાનાં ભરેલાં છે. ભક્તિ દ્વારા જ મુક્તિ મળવાની વાત સિદ્ધ કરવામાં આવી છે. ભગવાન પણ ભક્તના વશમાં હોય છે એવું કહેવાયું છે. આવી માન્યતાઓનું એક જ કારણ છે કે જેના અંતઃકરણમાં પ્રેમ હિલોળા મારી રહ્યો હશે તેનું સ્તર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાધારણ નહિ રહે. જેનામાં દિવ્ય ગુણ તથા દિવ્ય સ્વભાવનો જન્મ થશે તે દિવ્ય કર્મ જ કરી શકશે. આવી વ્યક્તિઓને જ દેવતા કહીને બોલાવવામાં આવે છે. જ્યાં દેવતાઓ નિવાસ કરે છે ત્યાં આપમેળે જ સ્વર્ગ બની જાય છે.

ઈશ્વરને સૌપ્રથમ સાધન માનીને પ્રેમનો અભ્યાસ કરવામાં આવે છે. કારણ એ જ છે કે તેનાથી કોઈ સ્વાર્થદોષ લાગતો નથી. સૂક્ષ્મની ઉપાસના જેમને અઘરી જણાય છે તેઓ સાકાર મૂર્તિ બનાવીને પોતાની ભાવનાઓને કોઈ પૂજાપ્રતીક પર કેન્દ્રિત કરે છે, નિર્જીવ હોવા છતાં પણ તે માધ્યમ સજીવ થઈ ઊઠે છે. મૂર્તિપૂજાનું તત્ત્વજ્ઞાન આ જ છે. દેવપ્રતિમાઓ પથ્થર કે ધાતુમાંથી બનેલી અને નિર્જીવ હોય છે એ તો સૌ કોઈ જાણે છે. તેમના સજીવ હોવાની વાત કોઈ વિચારતું પણ નથી, પરંતુ એક આધ્યાત્મિક હકીકત મૂર્તિપૂજાના માધ્યમથી પ્રકાશમાં લાવવામાં આવે છે કે જે કોઈને સાચો પ્રેમ કરવામાં આવશે, જેના માટે પણ સાચી શ્રદ્ધાનો પ્રયોગ કરવામાં આવશે તે વસ્તુ ભલે નિર્જીવ હોય કે સજીવ, છતાં ભક્તની ભાવનાને અનુરૂપ ફળ આપવા લાગશે. મૂર્તિપૂજા કરીને સાકાર ઉપાસના કરતા અસંખ્ય ભક્તો જીવનલક્ષ્યને પ્રાપ્ત કરી શકવામાં સફળ થયા છે. મીરા, સુરદાસ, તુલસી, રામકૃષ્ણ પરમહંસ વગેરેની સાકાર ઉપાસના નિરર્થક ગઈ નહોતી. તેમને પરમપદ સુધી પહોંચાડવામાં સમર્થ નીવડી હતી.

રબરનો દડો દીવાલ પર મારતાં પાછો ફરીને ફેંકનારની પાસે જ આવે છે. ઊંડા કૂવામાં મોઢું રાખીને અવાજ કરતાં પડઘો પડે છે. એવી જ રીતે ઈષ્ટદેવને કરવામાં આવેલો પ્રેમ પાછો ફરીને પ્રેમીની પાસે જ આવે છે અને તે પ્રેમપ્રવાહથી તરબોળ થયેલો અંતરાત્મા ઈશ્વરમિલન, બ્રહ્મસાક્ષાત્કાર તથા ભગવદ્કૃપાનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રત્યક્ષ અનુભવ કરે છે. એકલવ્ય ભીલે બનાવેલી દ્રોણાચાર્યની માટીની મૂર્તિ તેને એવી શસ્ત્રવિદ્યા શીખવવામાં સમર્થ નીવડી કે જેટલી દ્રોણાચાર્ય પોતે પણ જાણતા નહોતા. માટીના દ્રોણાચાર્ય પ્રત્યે એકલવ્યને જે નિષ્ઠા હતી તેના કારણે તે પ્રતિક્રિયા શક્ય બની શકી કે એક ભીલ બાળક તે યુગનો અનુપમ ધનુર્ધારી બની શક્યો. ઈશ્વરના સાકાર તથા નિરાકાર સ્વરૂપનું ધ્યાન, પૂજન, જપ તથા અનુષ્ઠાન કરતો રહીને સાધક પોતાની પ્રેમભાવના, શ્રદ્ધા અને નિષ્ઠાને જ શુદ્ધ કરે છે. આ માર્ગે તે જેટલી પ્રગતિ કરી શકે તેટલી જ ઈશ્વરની અનુભૂતિ તથા પરમાનંદ તેને પ્રાપ્ત થવા લાગે છે.

સાધના જો સાચા ઉદ્દેશ્યથી કરવામાં આવી હોય તો તેનું પરિણામ એ આવવું જોઈએ કે ઉપાસકના મનમાં પ્રેમની અવિરત ધારા વહેવા લાગે, તે પ્રાણીમાત્રને પોતાના આત્મામાં અને પોતાનો આત્મા પ્રાણીમાત્રમાં વ્યાપી રહેલો જુએ. બીજાનું દુઃખ તેને પોતાના દુઃખ જેવું કષ્ટકારક જણાય અને બીજાઓને સુખી તથા સમુન્નત જોઈને પોતાની શ્રીસમૃદ્ધિની જેમ જ સંતોષ અનુભવે. પ્રેમનો અર્થ છે આત્મીયતા અને ઉદારતા. જેના પ્રત્યે પ્રેમભાવ હોય છે તેના માટે ત્યાગ અને સેવાપૂર્ણ વ્યવહાર કરવાની ઈચ્છા થાય છે, પ્રેમી પોતાની જાતને કષ્ટ અને સંયમમાં રાખે છે અને પોતાના પ્રેમપાત્રને સુવિકસિત, સુંદર તેમ જ સુરમ્ય બનાવવાનો પ્રયાસ કરે છે. સાચા પ્રેમનું આ એકમાત્ર ચિહ્ન છે કે જેના પ્રત્યે પ્રેમભાવના પેદા થાય તેને વધારે સુંદર, વધારે ઉજ્જવળ તથા પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

## ભગવાન આપણી અંદર સૂતા છે, તેમને જગાડીએ

**અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ।** અર્થાત્ - 'હું અજ, નિત્ય, શાશ્વત તથા પુરાણ છું.' આ આત્માની અભિવ્યક્તિ છે. જેમાં કોઈ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભેદભાવ નથી. જે મુક્ત છે, જેમાં કોઈ જાતનો કોઈ વિકાર નથી. હું અભાવરહિત, સદા સર્વજ્ઞ, સંપૂર્ણ એકરસ, એકરૂપ છું. મારામાં ક્યારેય પરિવર્તન થતું નથી. અનેક રૂપોમાં હું એક જ આત્મા રહેલો છું.

પરમાત્માએ જ આત્માને ઢાંકી રાખ્યો છે એવું કહીએ તો કોઈ અતિશયોક્તિ નથી. આત્મામાં જે પણ શક્તિ અને પ્રકાશ છે તે બધું પરમાત્માનું જ સ્વરૂપ છે. પરમાત્મા મારાથી અલગ ક્યાં છે ? તે હું છું અને હું તે છું. માત્ર કર્તાપણાનો ફરક છે, નહિતર તેનામાં અને મારામાં કોઈ ફરક નથી. હું બીજું કંઈ નથી, પરમાત્માની હાજરી જ મારા જીવનનો આધાર બની છે. તે મારી સાથે છે એટલે જ હું જીવિત છું. તે ચાલ્યો જાય તો હું પણ ચાલ્યો જાઉં. મારું સંપૂર્ણ અસ્તિત્વ તે બ્રહ્મ જ છે.

સૃષ્ટિના પ્રારંભમાં પરમાત્માએ અનેક પ્રાણીઓની રચના કરી, પરંતુ તે બધાં અધૂરાં હતાં. કોઈની શારીરિક શક્તિ વધારે હતી, તો કોઈનું સૌંદર્ય સર્વોપરી હતું. કોઈની વાણી મધુર હતી તો કોઈને નૃત્યકળા સારી આવડતી હતી. કોઈ વધારે ઊંચે સુધી ઊડી શકતું હતું તો કોઈમાં વધારે દોડવાની ક્ષમતા હતી. કુશળ તો બધાં જ હતાં, પરંતુ કોઈ એક વિષયમાં જ. ઉપયોગી તો સૌ હતાં, પરંતુ સર્વાંગપૂર્ણતા કોઈનામાં પણ નહોતી. એકાદ બે ગુણો હતા અને બાકીના એકબીજા કરતાં જુદા. કોઈમાં ગુણ તો કોઈમાં અવગુણ. આવી વિષમતા કદાચ ભગવાનને ગમી નહિ હોય, તેથી તેણે એક અલૌકિક શરીરની રચના કરવાનો નિશ્ચય કર્યો હશે.

અને આ વિલક્ષણ પ્રાણી તે મનુષ્ય છે. તેમાં ઘણી બારીકાઈથી અને કાળજીપૂર્વક કાર્ય કરવામાં આવ્યું છે. તેણે એકેએક અંગ ખૂબ જ કીમતીમાં કીમતી બનાવ્યું છે. તેમાં ખૂબ જ અજબ શક્તિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભરી છે. મનુષ્ય બનીને તૈયાર થયો ત્યારે ખુદ સર્જનહાર પણ આશ્ચર્યચકિત થઈ ગયો. આ રચના જોઈ તેને સૌથી વધારે આશ્ચર્ય થયું.

તમામ દેવશક્તિઓ તેમાં પ્રવેશી. તેમણે પોતપોતાનું કાર્ય શરૂ કર્યું. અગ્નિદેવતા જાગૃત થયા તો ભૂખ લાગી. વરુણને પાણીની જરૂર પડી. કોઈએ નિદ્રા માગી તો કોઈએ જાગૃતિ. સૌને પોતપોતાની દિશા હતી, પોતાનું કામ હતું. તેમાં કોઈ પારસ્પરિક સ્પર્ધા ન થાય અને તેનું નિયંત્રણ બરાબર રીતે થાય તે માટે એક જબરદસ્ત નિયામક સત્તાની જરૂર પડી ત્યારે પરમાત્મા સ્વયં તેમાં સમાઈ ગયા. આવી રીતે આ સૃષ્ટિમાં અદ્‌ભુત મનુષ્યજીવનનો પ્રાદુર્ભાવ થયો. માનવી સૃષ્ટિનાં બીજાં પ્રાણીઓનો સરદાર બન્યો ત્યારે તેને પણ કાબૂમાં રાખવા માટે તેનો ભગવાન પણ તેની સાથે રહેવા લાગ્યો, જેથી જરૂર પડતાં તેને મદદ કરી શકાય અને તેને દુરાચાર આચરતો કે અધિકારોનો દુરુપયોગ કરતો અટકાવી પણ શકાય.

ત્યારથી આજ સુધી મનુષ્ય નિરંતર એક પ્રયોગના રૂપમાં ચાલતો આવે છે. ક્યારેક તે ભૂલ કરે તો તેને ગુના બદલ સજા મળે છે અને જો વધારે કર્તવ્યશીલ બને તો તેને વધારે મોટાં ઈનામો અને અધિકારો આપવામાં આવે છે. ભૂલનું પરિણામ દુઃખ અને ભલાઈનું પરિણામ સુખ. સુખ અને દુઃખનું આ અંતર્દ્વંદ્વ આદિકાળથી ચાલ્યું આવે છે.

જો મનુષ્યના સંપૂર્ણ ઐતિહાસિક જીવન પર એક નજર નાખવામાં આવે તો એવું જણાય છે કે જેમ જેમ સમય વીતતો જાય છે તેમતેમ તેની ભલાઈની શક્તિ મરતી જાય છે અને તેના અંતઃકરણનો અસુર ભાગ બળવાન થતો જાય છે. પરિણામે તેના દુઃખોમાં વધારો થઈ રહ્યો છે. આજના યુગને આ સ્થિતિની પરાકાષ્ઠા કહીએ તો કંઈ ખોટું નથી. આજે લોકોમાં ઘણી દીનતા છે, લોકો હીન અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અભાવગ્રસ્ત છે. તે સ્વાર્થી, ઝઘડાખોર અને સંકીર્ણ પ્રકૃતિના થઈ ગયા છે. માનવીની આ અધોગતિ જોતાં વિશ્વાસ નથી બેસતો કે તેની અંદર પરમાત્મા જેવી મહત્ત્વપૂર્ણ શક્તિનો નિવાસ હોઈ શકે. દુર્બળ માનવીમાં સર્વશક્તિમાન પરમાત્મા ઓતપ્રોત હોઈ શકે તેની આજે કલ્પના પણ કરી શકાતી નથી.

માનવીની આ દયનીય સ્થિતિનું એક માત્ર કારણ એ છે કે તેની અંદરનો ભગવાન મૂર્છિત થઈ ચૂક્યો છે અથવા તો તેણે પોતાની મનોભૂમિ એટલી ગંદી બનાવી લીધી છે કે જ્યાં પરમાત્માનો પ્રખર પ્રકાશ સંભવ નથી. જો તે સચેત રહ્યો હોત, તેની માનસિક શક્તિઓ પ્રબુદ્ધ રહી હોત, ભલાઈની શક્તિ જીવતી રહી હોત તો જે સાધનો લઈને તે ધરતી પર અવતર્યો હતો તે બધાં અચૂક બ્રહ્માસ્ત્ર સાબિત થાત. તેની શક્તિ વજ્ર કરતાં પણ પ્રબળ છે. સૃષ્ટિનું બીજું કોઈ પ્રાણી તેનો સામનો કરવામાં સમર્થ નથી. તે યુવરાજ બનીને આવ્યો હતો. વિજય, સફળતા, ઉત્તમ સુખ, શક્તિ, શૌર્ય, સાહસ અને નિર્ભયતા તેને વારસામાં મળ્યાં હતાં. તેનાથી તે લાંબા સમય સુધી સુખી રહી શક્યો હોત. ભ્રમ, ચિંતા, શંકા, સંદેહ વગેરેનું કોઈ સ્થાન તેના જીવનમાં છે જ નહિ, પરંતુ અભાગિયા માનવીએ આપમેળે જ પોતાની દુર્ગતિ કરી છે. અંતઃકરણમાં રહેલી ઈશ્વરીય સત્તાની ઉપેક્ષા કરવાના કારણે જ તેની આ દુઃખદ સ્થિતિ થઈ છે. પોતાના પગ ઉપર કુહાડો મારવાનો ગુનેગાર સ્વયં માણસ જ છે, તેમાં પરમાત્માનો કોઈ દોષ નથી.

સંસારમાં નાનાં કહેવાતાં પ્રાણીઓ એક ચોક્કસ પ્રકૃતિ લઈને જન્મે છે અને મોટેભાગે અંત સુધી તે સ્થિતિમાં જ રહે છે. માત્ર માનવી જ એટલો સ્વાર્થી છે કે જેને પોતાનાં સાધનોથી સંતોષ ન થયો અને તેણે બીજાનું શોષણ કરવાનું શરૂ કર્યું. ન્યાયાધીશ બનીને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવ્યો હતો અને પોતે જ તેમની પર અન્યાય કરવા લાગ્યો. આવી સ્થિતિમાં પરમાત્માનાં અનુદાનો ક્યાં સુધી સાથ આપી શકે ? ઈશ્વરીય ગુણોથી પથભ્રષ્ટ થયેલા માનવીની છેવટે જે દુર્દશા થવી જોઈએ તે થઈ. દુઃખનું વાવેતર તેણે સ્વયં કર્યું હતું અને તેનું ફળ પણ તેણે જ ચાખવું પડ્યું.

પરમાત્મા આપણી અતિશય સમીપ રહીને પ્રેમનો સંદેશ આપે છે, પરંતુ મનુષ્ય પોતાની વાસનાથી તેને કચડી નાખે છે. તે પોતાની સાદગી, તાજગી અને પ્રાણશક્તિથી આપણને હંમેશાં અનુપ્રાણિત રાખવાનો પ્રયાસ કરે છે, પરંતુ મનુષ્ય આડંબર, આળસ, અકર્મણ્યતા દ્વારા તે શક્તિને છિન્નભિન્ન કરી નાખે છે. કાળાંતરે જ્યારે આંતરિક પ્રકાશની શક્તિ ક્ષીણ થઈ જાય છે ત્યારે દુઃખ અને દ્વંદ્વ વધી જાય છે. ત્યારે મનુષ્ય બીજાનું ભલું કરી શકતો નથી, ઊલટું પોતાનું જીવન જ તેને ભારરૂપ લાગે છે. પરમાત્માને અંતઃકરણમાંથી દૂર કરવા એ જ કષ્ટ, કલેશ અને બંધનનું મૂળ કારણ છે.

મનુષ્ય ખૂબ બુદ્ધિશાળી, વિવેકશીલ અને વિચારવાન પ્રાણી છે, પરંતુ તે પોતાની આ શક્તિઓનો ઉપયોગ લૌકિક કામનાઓ અને ઈન્દ્રિયભોગો સુધી જ સીમિત રાખે છે તે દુઃખદ છે. તે અજ્ઞાનરૂપી અંધકારથી ઘેરાયેલા માણસને આ મોટી શક્તિઓનો આભાસ પણ થતો નથી. તેથી તે ઘાણીના બળદની જેમ એક સીમિત વર્તુળમાં જ આંટા મારતો રહે છે. તેને એટલી પણ ખબર નથી કે આપણા માથે મોટી શક્તિઓનો હાથ છે અને તેમની પાસેથી જીવનને સફળ બનાવવાના આશીર્વાદ પ્રાપ્ત કરી શકાય છે.

માનવીય સમાજનો એક મોટો વર્ગ એવો છે, જેને પોતાની આ ગુપ્ત શક્તિઓનો આભાસ પણ થતો નથી અથવા તો તેઓ તે જાણવા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ માગતા નથી એ એક આશ્ચર્યની વાત છે. તેમને પોતાની દુર્બળતાઓનો ભાર લાદીને ફરતાં જાનવરોની જેમ જીવવું જ પસંદ હોય છે. ઘોડો, બળદ, હાથી કે બકરીની પીઠ પર સારી સારી વસ્તુઓ લાદીને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવામાં આવે છે, પરંતુ તે બિચારાં જાનવરોને શું ખબર પડે કે તેમની પીઠ પર કોઈ કીમતી વસ્તુ મૂકી છે ? તેમની પીઠ પર મૂકવામાં આવેલી કોઈ પણ વસ્તુ તેમના માટે ભાર સમાન જ છે અને તે જ રૂપમાં તેઓ ભારનું વહન કરે છે. અજ્ઞાનમાં ફસાયેલા માનવીની સ્થિતિ પણ બિલકુલ આવી જ હોય છે. તેના માટે વિચાર, વાણી કે વિવેક ઘોડા કે હાથીની પીઠ પર લાદેલા કીમતી સામાનની જેમ નિરર્થક હોય છે.

મનુષ્યને અપાર શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક તથા આત્મિક સંપદાઓથી સજાવીને આ ધરતી પર મોકલવામાં આવ્યો છે, પરંતુ પોતાના ઉપયોગની રીત જ ખોટી હોવાના કારણે, ઉદ્દેશ્ય બદલાઈ જવાના કારણે તેને તે શક્તિઓનો લાભ તો મળતો નથી, ઉપરથી અશાંતિ, ભય, ગભરાટ, ચીડ, અસ્થિરતા, રાગ, દ્વેષ, ઘૃણા, સ્વાર્થ અને ઈર્ષ્યાનું વાતાવરણ પેદા કરે છે. આત્મવિકાસ માટે પોતાની ક્ષમતાઓને ઈશ્વરીય રૂપમાં જોવાની હતી અને તેમનો પ્રયોગ દિવ્ય તેજ તથા સ્ફૂર્તિ મેળવવા માટે કરવાનો હતો. આવું કરનાર મનુષ્યનું પોતાનું જીવન સાર્થક થાત અને બીજાઓને પણ આત્મકલ્યાણની પ્રેરણા મળત.

તમે તમારી માનસિક દુર્બળતાઓનું વિશ્લેષણ કર્યા કરો. જુઓ કે તમારી આ કામનાઓ અને વાસનાઓ તમને અંત સુધી સાથ આપશે. આની ઉપર તમે જેટલો વધારે વિચાર કરશો તેટલી જ તે તુચ્છ જણાશે અને તેના પ્રત્યે તમારા મનમાં ઘૃણા પેદા થશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માનસિક દુર્બળતાઓ ઘટશે ત્યારે આંતરિક શક્તિઓની સ્ફુરણા તીવ્ર થશે, તમારી અંદર ઈશ્વરીય અંશ વધશે.

ઈશ્વર દિવ્ય છે. તે તમારી અંદર દિવ્યતા લાવવા માગે છે. તે સત્ છે અને એવી જ પ્રતિક્રિયા તમારી અંદર પણ ચલાવવાની તેની ઈચ્છા છે. તમારા મનનો મેલ દૂર થાય તો તમારું જીવન ઈશ્વરીય મનમોહકતા તથા દિવ્યતાનું આકર્ષણ કેન્દ્ર બની જાય અને તેની સુવાસથી તમારું આખું વાતાવરણ સુગંધિત બની જાય.

તમારી અંદર રહેલા સનાતન સત્યને ઓળખો. આ સત્ય તમને સંકીર્ણતામાંથી મુક્ત કરી દેશે. ત્યારે તમે સંસારની બદલાતી પ્રવૃત્તિઓથી, શરીરના અનેક પ્રકારનાં રૂપોથી દુઃખી અને વિક્ષુબ્ધ નહિ થાઓ. તમારું જીવન ખુશખુશાલ અને ચમકતું રહેશે. મૂળ વાત આત્મચેતનાને ઓળખવાની છે, જેના દ્વારા તમારા મનને તમે તમોગુણથી બચાવી શકો છો અને મનુષ્યજીવનને આનંદમય બનાવી શકો છો.

તે પરમાત્મા તેજસ્વી, પ્રકાશવાન અને સંપૂર્ણ માનસિક પીડાઓને નષ્ટ કરનારા છે. તેને વિકસિત કરવામાં જ તમારું કલ્યાણ છે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે -

**યદ્યદ્વિભૂતિમત્સત્વં શ્રીમદૂર્જિતમેવ વા।**
**તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોઽશસંભવમ્ ॥**

(ગીતા- ૧૦/૪૯)

"હે અર્જુન ! આ જગતમાં જે કંઈ ભવ્ય, તેજસ્વી તથા ઐશ્વર્યવાન જણાય છે તે મારા જ તેજનો અંશ છે. જે પોતાની અંદર મારી દૈવી ચેતનાનો અનુભવ કરે છે તેનાં બંધનો હું કાપી નાખું છું."



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ્યારે વ્યક્તિ તે તેજસ્વિતાને પોતાની અંદર વિકસાવે છે, દૈવી ચેતનાનો વિસ્તાર કરે છે ત્યારે તે પ્રસુપ્ત ઈશ્વરત્વને જાગૃત, સક્રિય કરે છે. જે પોતાની અંદરના ઈશ્વરને સૂતેલા રાખે છે તે લાંબા સમય સુધી મધ્યવર્તી સ્થિતિમાં રહી શકતો નથી. જે મનુષ્યની અંદરનો ઈશ્વર સૂતેલો રહે છે તેની અંદર શેતાન પ્રવેશી જાય છે અને તેને પોતાના ઈશારે નચાવવા લાગે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પરમેશ્વરની સાથે અનન્ય એકતાનો માર્ગ

મનુષ્ય તે પરમ ચેતન પરમેશ્વરનો અંશ છે. જેવી રીતે પાણીના ધોધમાં પાણીના અનેક પરપોટા પેદા થાય છે અને વિલીન થાય છે તેવી જ રીતે વિભિન્ન પ્રાણીઓ પરમાત્મામાંથી જ પેદા થઈને તેનામાં જ લય પામે છે. આ ઉત્પત્તિ તથા લયની લીલા એટલા માટે રચવામાં આવી છે કે આ વિશ્વમાં જે પ્રેમનું અમૃત ભરેલું છે તેનો આ જીવ રસાસ્વાદ કરે અને તે આનંદથી તૃપ્ત થઈને પોતાને ધન્ય માને.

પરંતુ આ સંસારમાં એવા કેટલા બુદ્ધિશાળીઓ છે કે જેઓ આ ઈશ્વરીય ઉદ્દેશ્યને ચરિતાર્થ કરી શકે છે ? મોટા ભાગના લોકો દુર્ભાગ્ય, દુઃખ, અભાવ, કલેશ તથા ઉદ્વેગભરી જિંદગી જીવતા જોવા મળે છે. આ માનવજીવનના અનુપમ અવસરનો સદુપયોગ કરીને લૌકિક તથા પારલૌકિક ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની વાત પર કોઈ વિરલા જ વિચારતા જોવા મળે છે. જેઓ વિચારે છે તેઓ પણ સાચા રૂપમાં એવું કરી શકવામાં અસમર્થ જણાય છે. ચારેય બાજુ અશાંતિ, ક્ષોભ તથા અસંતોષ જ ફેલાયેલાં દેખાય છે. દેવતાઓને પણ દુર્લભ એવું માનવશરીર તેના માટે ભારરૂપ બની ગયું છે.

આમ ઉપરથી જોતાં તો એવું લાગે છે કે માનવીએ ખૂબ જ પ્રગતિ કરી છે. વૈજ્ઞાનિક વિકાસ અને સુખસુવિધાનાં પ્રચુર સાધનો તથા વૈભવપૂર્ણ રહેણીકરણી જોઈને એકદમ તો વિશ્વાસ જ નથી બેસતો કે માણસ આટલો દુઃખી અને વિક્ષુબ્ધ હશે અને તેને જીવન એક અસહ્ય ભારરૂપ લાગતું હશે. ભૌતિક પ્રગતિની દૃષ્ટિએ આ અભૂતપૂર્વ યુગ છે તેમાં કોઈ શંકા નથી, પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે તેણે વ્યક્તિગત અને સામાજિક સુખશાંતિ વધાર્યાં નથી. આ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બાહ્યજીવનની સાથેસાથે આંતરિક જીવનનો વિકાસ ન કરવાનું જ પરિણામ છે. આ વિકાસ એકાંગી અને અપૂર્ણ છે. અપૂર્ણતાને જ દુ:ખોનું મૂળ માનવામાં આવ્યું છે. બે પૈડાં પર ચાલતી ગાડીને જો એક પૈડા પર ઢસડવામાં આવે તો અસુવિધા અને તકલીફો વધશે જ. મનુષ્યનું જીવન બાહ્ય અને આંતરિક એમ બે ભાગોથી મળીને બનેલું છે. જો બંને સમાંતર ગતિએ ચાલશે તો ઈચ્છિત સુખશાંતિ માટે નિરાશ નહિ થવું પડે. વિષમતા સ્પષ્ટ છે. બાહ્ય, ભૌતિક અથવા વૈજ્ઞાનિક વિકાસ ક્ષિતિજને સ્પર્શીને આગળ વધી રહ્યો છે અને આંતરિક, આત્મિક અથવા આધ્યાત્મિક પ્રગતિ પાતાળ તરફ જઈ રહી છે. ઈચ્છિત સુખશાંતિ માટે આ બંને ગતિઓમાં સંતુલન અને સામંજસ્ય સ્થાપિત કરવું પડશે. તેનો ઉપાય એ છે કે ભૌતિક પ્રગતિની સાથે આપણે બધા મનુષ્યોએ પોતાનું સાચું સ્વરૂપ, જીવનનો ઉદ્દેશ્ય તથા તેનું મૂલ્ય ફરીથી સમજવું પડશે અને તેની ગરિમા પ્રમાણે આપણાં કાર્યો નક્કી કરવાં પડશે.

આમ તો મનુષ્ય મૂળભૂત રીતે તો પાત્ર છે, અપાત્ર કે કુપાત્ર નથી. પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જવાના કારણે તેની પર અપાત્રતાનો આરોપ મૂકવામાં આવ્યો છે. જે દિવસે તે પોતાના આ સત્ય સ્વરૂપની ઝાંખી કરી લેશે કે તે સચ્ચિદાનંદ પરમાત્માનો અંશ છે, તે જ દિવસે તેના હૃદયનાં બંધ દ્વાર ખૂલી જશે. વિસ્મૃતિનો અંધકાર દૂર થઈ જશે. તેના જીવનમાં દિવ્ય પ્રકાશનાં કિરણો ફેલાવા લાગશે. તેનાં ગુણ, કર્મ તથા સ્વભાવ પાત્રતાની દિશામાં વિકસિત થવા લાગશે. આત્મસ્વરૂપની અનુભૂતિ જેટલી વધતી જશે, તેટલી પરમાત્મ તત્ત્વ સાથે ઐક્યની ભાવના વધતી જશે.

શરીરનું અભિમાન મિથ્યા છે. મનુષ્ય શરીર નહિ, આત્મા છે. તે અનંત આનંદના ભંડાર પરમાત્માનો શુદ્ધ અંશ છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આત્મસ્વરૂપનું અજ્ઞાન તથા પોતાને માત્ર શરીર માનવાથી બધા પ્રકારનાં પાપો, દોષો તથા અયોગ્ય વ્યવહારોની સ્થિતિ પેદા થાય છે, સ્વાર્થ પેદા થાય છે. ત્યારે બધી જ ભાવનાઓ માનવીય સ્વરૂપને પ્રતિકૂળ હોય છે, અસ્વાભાવિક અને અપ્રાકૃતિક હોય છે. બીજાં પ્રાણીઓ પ્રત્યે અનાત્મ અથવા વિરોધી ભાવના રાખવી એ ઈશ્વરીય નિયમનું ઉલ્લંઘન કરવા સમાન છે. સામાન્ય સાંસારિક તથા સામાજિક નિયમોનું ઉલ્લંઘન કરવાથી જ્યારે સમાજની વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જાય છે, સંકટો તથા આફતનાં વાદળો ઘેરાવા લાગે છે, ત્યારે ઈશ્વરીય નિયમના વિરોધીઓ કેટલું મોટું સંકટ પેદા કરી દેશે તેનું અનુમાન કરવું અઘરું છે. ક્રોધ, દ્વેષ, નિંદા વગેરે બદીઓ આચરતા રહેવાથી ચારેબાજુ બદીઓનો જ પ્રસાર થશે, જેનો હાનિકારક પ્રભાવ વ્યક્તિ, સમાજ, શરીર તથા મન સૌની પર પડશે. એક તરફ ક્રોધ કરવાથી બીજી બાજુથી પણ ક્રોધ જ પેદા થશે. એક બાજુએ તલવાર ખેંચાવાથી સામેથી પણ તેની એવી જ પ્રતિક્રિયા થશે. જે બીજાઓ માટે ખાડો ખોદશે તેમના માટે કૂવો તૈયાર જ રહેશે. આ ક્રિયાની પ્રતિક્રિયાનો સહજ નિયમ છે, જેને બદલી શકાય એમ નથી.

દ્વેષ-દુર્ભાગ્યની આ વિકૃતિ માણસના વાસ્તવિક સ્વરૂપને અનુરૂપ નથી. તેનું સ્વરૂપ તો શુદ્ધ, બુદ્ધ અને નિરામય છે. તે તો અનંત સત્તાનો ભાગીદાર છે, સંસારમાં તેનો પ્રતિનિધિ છે, તેનો કૃપાપાત્ર છે અને સૃષ્ટિમાં રહેલા પ્રેમરસનું આસ્વાદન કરવા માટે તેને મોકલવામાં આવ્યો છે. તેને આનંદ તથા શાંતિનો અધિકારી બનાવવામાં આવ્યો છે. તે પોતાના સત્ય સ્વરૂપનું સ્મરણ કરે અને તેને અનુરૂપ સ્થિતિ પ્રાપ્ત કરે એ જ તેના માટે શોભાસ્પદ છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવી રીતે શોકસંતાપો અથવા દ્વેષદુર્ભાવોના કાદવમાં પડ્યા રહેવું તેના માટે શરમની વાત છે.

સ્વાર્થ જ બધાં પાપોનું મૂળ છે. સ્વાર્થી વ્યક્તિને પોતાના સિવાય બીજું કાંઈ દેખાતું જ નથી. તેનો લોભ, તેની તૃષ્ણા એટલી વિકરાળ હોય છે કે સંસારનું બધું સુખ તથા વૈભવ મેળવીને પણ તેને સંતોષ થતો નથી. બીજાની પ્રગતિ અને ઉપલબ્ધિઓ તેનાથી જોઈ જતી નથી. તેને એવી જ ઇચ્છા અને પ્રયાસ રહેતો હોય છે કે સંસારમાં જે કંઈ છે તે બધું તેને જ મળી જાય, કોઈ બીજાને તેનો એક અંશ પણ ન મળે. તે સંસારનાં બધાં પ્રાણીઓ પ્રત્યે નિર્દય તથા અનુદાર થઈ જાય છે અને તેને ચારેબાજુ પોતાના લોભ સિવાય બીજું કાંઈ દેખાતું જ નથી.

મનુષ્ય પોતાના સત્ય સ્વરૂપની પ્રતીતિ કરે અને નિશ્ચય કરે કે પરમાત્મતત્ત્વ સાથે તેની એકતા છે. તે જ પરમાત્મતત્ત્વ જેવી રીતે આપણી અંદર વહી રહ્યું છે એવી જ રીતે બધાં પ્રાણીઓના અંતરમાં પ્રવાહિત થઈ રહ્યું છે. તે અનંત ચૈતન્યથી ઓતપ્રોત તમામ ચેતન તત્ત્વ સજાતીય છે, તેના મૂળ સ્વરૂપમાં કોઈ ભેદ નથી. આવો નિશ્ચય થઈ જવાથી તેના અન્ય ભેદભાવો મટી જાય છે. સૌના પ્રત્યે બંધુત્વનો અનુભવ થવા લાગશે અને ત્યારે તે બીજાઓ માટે પોતાના સ્વાર્થનો ત્યાગ કરવામાં સુખ અનુભવશે અને તેની સેવા કરવાને પોતાનું કર્તવ્ય માનશે. બીજાઓનાં સુખદુઃખ તેનાં પોતાનાં બની જશે. એવી સ્થિતિમાં તે કોઈને દુઃખ આપીને પોતે શું કામ દુઃખી થવા માગે ? સ્વાર્થનો નાશ થતાં જ તેના જીવનમાંથી એકલતા, નીરસતા, સંકીર્ણતા વગેરે દુઃખકારક અનુભવો દૂર થઈ જશે અને તે પોતાના આત્મામાં સરસતા, વ્યાપકતા તથા અવર્ણનીય આનંદની અનુભૂતિ કરવા લાગશે. તેને સંસારનાં બધાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રાણીઓ પ્રત્યે અક્ષય પ્રેમનો સંબંધ સ્થાપિત કરવાનું યોગ્ય અને જરૂરી લાગશે.

જે પરમાત્મસત્તા વિશ્વનું મૂળ છે અને આપણે સૌ તેના જ અંશ કહેવાઈએ છીએ તથા દરેક પ્રાણીની સાથે સૌની એકતા છે, કોઈમાં કોઈ જાતનો ભેદ નથી. જેમ જેમ તે આ સત્યનો સાક્ષાત્કાર કરતો જશે, તેમ તેમ તેનું હૃદય વિશ્વપ્રેમથી પરિપૂર્ણ થતું જશે અને તેના સ્વાર્થની સીમાઓ તૂટતી જશે. મનુષ્યની અંદર રહેતો દરેક પ્રકારનો દ્વેષ અને કોઈના પ્રત્યેના દૂષિત વિચારો દૂર થઈ જશે. તેનું અંતઃકરણ દર્પણની જેમ નિર્મળ થઈને પ્રસન્ન થઈ જશે. તેની સામે જે કોઈ આવશે તેમાં તે પોતાના આત્માનું જ દર્શન કરશે. તેને ચારે બાજુ પોતાનાપણું જ જોવા મળશે. આવી શુભ સ્થિતિમાં પછી કષ્ટો, દુઃખો, કલેશ કે શોકસંતાપો માટે કોઈ અવકાશ જ રહેશે નહિ.

સંસારના શોકસંતાપોમાંથી મુક્તિ મેળવવા માટે માણસે પોતાના સ્વાર્થ તથા સંકીર્ણ સીમાઓને તોડીને પોતાના વિશાળ તથા વિરાટ સ્વરૂપ તરફ અગ્રેસર થવું જોઈએ. હૃદયમાં છુપાયેલા અનંત પ્રેમના ભંડારને ખોલી દેવો જોઈએ અને પોતાના આત્મભાવનો ફેલાવો કરવો જોઈએ. આ આત્મભાવ જેટલો વિસ્તૃત થતો જશે તેટલા આપણે ઈશ્વરની નજીક પહોંચતા જઈશું અને જેટલા ઈશ્વરની સમીપ જતા જઈશું તેમતેમ સાક્ષાત્કારની અનુભૂતિ થતી જશે. પ્રેમ જ બધાં સુખોનો સાર છે, ઈશ્વરનું સાચું સ્વરૂપ અને આત્માની ભૌતિક અનુભૂતિ છે. જેમ જેમ આપણે આ સત્યસ્વરૂપની ઝાંખી કરતા જઈશું તેમતેમ તે પરમાત્મ સ્વરૂપ પ્રેમ આપણા મન, બુદ્ધિ, આત્મા તથા કર્મોમાં વધુ ને વધુ પ્રગટ થતો જશે. આપણા અંતઃકરણને ઓતપ્રોત કરીને જ્યારે તે અમૃત સમસ્ત સંસારમાં ચારેબાજુ ફેલાવા લાગશે, ચારેબાજુ સુખશાંતિની પરિસ્થિતિઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પેદા થવા લાગશે અને આ સંસાર જે આજે કાંટાળો જણાય છે તે સુગંધિત વાટિકા જેવો સુખદાયક બની જશે અને આપણું આ જીવન આજે ભારરૂપ જણાય છે તે આનંદનું કેન્દ્ર બની જશે.

મનુષ્ય આનંદસ્વરૂપ છે. કષ્ટ કે કલેશ સાથે તેને કોઈ સંબંધ નથી. દુ:ખોનું મુખ્ય કારણ આત્મવિસ્મૃતિ જ છે. પોતાના સત્ય સ્વરૂપનું વારંવાર સ્મરણ કરો. સદાય આત્મવિશ્વાસ અને ઈશ્વરવિશ્વાસનો આશ્રય લો અને આ સત્યનું સતત મનન કરતા રહો - "અનંત, ચૈતન્યસ્વરૂપ, નિરંતર, તત્ત્વસ્વરૂપ પરમાત્મા તથા મારા જીવનમાં ઐક્ય છે. તે પરમાત્મા જ મારા જીવનનો પ્રાણ છે. હું તેની જેમ જ ચૈતન્યસ્વરૂપ છું. મારી પ્રકૃતિ દિવ્ય છે. તેમાં કોઈ પણ જાતના વિકારનું કોઈ સ્થાન નથી. જે રોગશોક કે કષ્ટકલેશનો અનુભવ થાય છે તે તો દેહાભિમાનના કારણે જ થાય છે. આ અભિમાન જ દૂષિત છે. તેને હું છોડી રહ્યો છું અને મારા હૃદયનું દ્વાર તે અનંત સત્તા તરફ ખોલું છું, જેથી તેની પ્રેમધારા મારા જીવનમાં ભરાઈને છલકાઈ ઊઠે. બધાં જ પ્રાણીઓ, બધા જ જીવો મારા પોતાના ભાઈઓ છે. મારો પ્રેમ તે બધાંને પ્રાપ્ત થાય અને તે બધાં મારી જેમ જ સુખી, નિઃસ્વાર્થી તથા નીરોગી બની જાય." આ ચિંતનથી તમને આત્મસાક્ષાત્કાર થશે, તમને તમારા સત્ય સ્વરૂપનું સ્મરણ થશે અને ત્યારે તમે જીવનમાં દરેક ક્ષણે તે આનંદનો અનુભવ કરવા લાગશો, જે ઇચ્છિત અને જીવનનું પરમ લક્ષ્ય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# શ્રીરામ ઝોલા પુસ્તકાલય

પૂજ્ય ગુરુદેવના વિચારોને સાહિત્યના માધ્યમથી તમામ લોકો સુધી પહોંચાડવા માટે 'શ્રીરામ ઝોલા પુસ્તકાલય' નામની એક નવી અને સફળ યોજના શરૂ કરવામાં આવી છે. આપને વિનંતી છે કે આપ ૧૩૦/- રૂા. મોકલીને ૧૦૦ પોકેટ બુક્સ મંગાવો. એમાંથી આઠ-આઠ પુસ્તકોના બાર સેટ બનાવી લો. દરેક સેટમાં જુદા જુદા વિષયોનાં પુસ્તકો રાખો. હવે ૧૨/- રૂપિયા લઈને આઠ પુસ્તકોનો એક સેટ આપી કોઈને સભ્ય બનાવો. સભ્ય બનાવવાનું ફોર્મ ફોલ્ડરમાં છાપવામાં આવ્યું છે. હાથથી એની કોપી કરી લો અથવા છપાવી લો. ફોર્મ ભરાવીને તમારી પાસે રેકોર્ડ માટે રાખો. દર મહિને બારેય સભ્યો વચ્ચે સેટની અદલાબદલી કરતા રહો. આ રીતે આપ ફક્ત ૧૨/- રૂપિયા લઈને સભ્યોને એક વર્ષમાં ૧૪૪/- રૂપિયાનાં પુસ્તકો વંચાવી શકશો. જો આપ ઈચ્છો તો વર્ષના અંતે બધાંને એક-એક સેટ ભેટ સ્વરૂપે આપી શકો. પુસ્તકોના પૈસા તમને પહેલેથી જ મળી ગયા છે. કોઈ સભ્ય જો પુસ્તક ખરીદવા ઈચ્છે તો ૧.૫૦/- રૂપિયો લઈને તેને આપી દો, પરંતુ એ પુસ્તકના બદલે બીજું પુસ્તક સેટમાં મૂકી દો. આ યોજનામાં કદાચ શરૂઆતમાં તમારે થોડા પૈસા કાઢવા પડે, પરંતુ તે બધા પાછા આવી જશે. વધારે સભ્યો બનાવવા માટે એટલા પ્રમાણમાં વધારે પુસ્તકો મંગાવી લો અને આઠ-આઠ પુસ્તકોના સેટ બનાવીને ૧૨/- રૂપિયા લઈ આપતા રહો તથા દર મહિને તેમના સેટ બદલતા રહો. આ કામમાં જો કોઈ સમસ્યા નડે તો પત્રવ્યવહાર દ્વારા સમાધાન મેળવો. પત્ર લખીને આ યોજનાનાં ફોલ્ડર નિઃશુલ્ક મંગાવો.

મુદ્રક યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org